CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા  બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ ફાગણ વદ-૧૨  શનિવાર, તા.૦૬-૦૪-૨૦૨૪  અંક : ૧૪૨ વર્ષ : ૨૧  news@aaspassindia.com  કિંમત રૂ. ૨-૫૦  પાના - ૮

# ઈઝરાઈલ પર હુમલા માટે ઈરાન તૈયાર

## અમેરિકાને વચ્ચે ના આવવા આપી ચેતવણીઃ ઇઝરાઇલ પણ હાઈ એલર્ટ

તહેરાન

ઈઝરાયેલનના ગાઝાક્ષેત્રમાં હમાસ સામેના લશ્કરી પગલાના પગલે મધ્ય પુર્વમાં સર્જાયેલો તનાવ હવે ભડકો બની જવાની તૈયારીમાં છે. હાલમાં જ સિરિયામાં ઈરાનના દૂતાવાસ પર ઈઝરાયેલના મિસાઈલ હુમલા તથા તેઓ ઈરાની સૈન્યના ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત બાદ ઈરાને પણ ઈઝરાયેલ પર વળતા હુમલાની તૈયારી કરી છે અને અમેરિકાને પણ હવે 'વચ્ચે' નહી આપવા ચેતવણી આપી છે.

બીજી તરફ ઈઝરાયેલ પણ એલર્ટ થયુ છે તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને તેમના સૈન્યની તમામ રજાઓ રદ કરવા ઉપરાંત તેની તમામ દૂતાવાસ કચેરીઓને પણ હાલ જાહેર કામગીરી માટે બંધ કરીને હાઈએલર્ટ પર મુકી છે તથા જે તે દેશને પણ આ દૂતાવાસને સુરક્ષા આપવા જણાવ્યું છે.

ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશ્યલ મીડીયામાં એક પોષ્ટ મુકીને ચેતવણીના સ્વરમાં લખ્યું કે, અમેરિકાએ વચ્ચે આવવું જોઈએ નહી જેથી તે પણ હુમલાનો ભોગ બની જાય નહી તે તેણે નિશ્ર્ચિત કરવું પડશે. અમેરિકાએ હજું આ અંગે કોઈ પ્રતિભાવ આપ્યો નથી પરંતુ આ ચેતવણી બાદ અમેરિકા પણ હાઈએલર્ટ પર છે. ખાસ કરીને ઈઝરાયેલ તથા મધ્યપુર્વમાં તેના મથકો તથા વ્યાપારી હિતોની સુરક્ષા વધારી છે. ઈઝરાયેલના આ હુમલાથી પશ્ર્ચીમી એશિયામાં તનાવ છે અને ઈરાન ચોકકસ જવાબ આપશે તેવો સંદેશો દુનિયાભરને મળી ગયો છે.

## ભાજપ રાજનીતિ પર નહીં પરંતુ રાષ્ટ્રીય નીતિ પર ચાલે છે - મોદી

**સહારનપુરમાં મોદીએ રેલીને સંબોધિત કરી**

સહારનપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહારનપુરમાં રેલીને સંબોધિત કરી હતી. પીએમએ તેમના ભાષણની શરૂઆત ભારત માતા કી જયથી કરી હતી. પીએમએ કહ્યું કે ભાજપ રાજનીતિ પર નહી પરંતુ રાષ્ટ્રીય નીતિ પર ચાલે છે. અમે દેશને ઝૂકવા નહીં દઈએ. ઈન્ડી એલાયન્સ કમિશન માટે છે અને મોદી મિશન માટે છે.

પીએમે કહ્યું કે યાદ રાખો ૨૦૧૪માં મેં સંકલ્પ કર્યો હતો કે હું દરેક પરિસ્થિતિ બદલીશ. હું નિરાશાને આશામાં બદલીશ. હું આશાને વિશ્વાસમાં બદલીશ. તમે તમારા આશીર્વાદમાં કોઈ કસર છોડી નથી. મોદીએ પોતાની મહેનતમાં કોઈ કસર છોડી નથી. યાદ રાખો, તે સમયે આપણું ભારત વિશ્વની ૧૧મી આર્થિક શક્તિ હતું. મોદીએ ૧૦ વર્ષમાં ભારતને દુનિયાની ૫મી શક્તિ બનાવ્યું.

## ભાજપ પ્રદેશ કાર્યાલય પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત

### જોહર કરવાની તૈયારી અને જાહેરાત કરાતા કમલમ પર સુરક્ષાકર્મીઓ તહેનાત

અમદાવાદ,

ભાજપે પરશોત્તમ રૂપાલાને ન હટાવતા ક્ષત્રિયાણીઓએ બે દિવસના અલ્ટીમેટમ બાદ હવે જોહર કરવાની જાહેરાત કરી છે અને આ સાથે જોહર કરવાની તૈયારીઓ શરૂ કરી છે. આ જાહેરાતના પગલે કોબા ખાતેના ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સુરક્ષાકર્મીઓને ગોઠવી દેવાયા છે.

દરમિયાનમાં રાજકોટના ઉમેદવાર રૂપાલાએ ગઈકાલે આશાપુરા માતાના મંદિરે દર્શન કરી પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. ઉલ્લેખનિય છે કે ક્ષત્રિય સમાજની નારાજગી સાથે આજે અને આવતીકાલે વિવિધ સ્થળોએ મિટીંગ અને સભાના આયોજન થયા છે.

## હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ થઈ હેક !

### AAPએ રેલી માટે મંજૂરી માંગી તો અભદ્ર ભાષામાં મળ્યો જવાબ

કૈથલ,

હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ હેક થઈ હોવાની સ્થિતિ બની છે. વાત જાણે એમ છે કે, અહીં આમ આદમી પાર્ટીના એક કાર્યકર્તાએ રેલીનું આયોજન કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર પાસે વહીવટી પરવાનગી માંગી હતી. છઁની અરજી ફગાવી દેવામાં આવી હતી અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સાથે બીજા સર્ટિફિકેટ પર હિરોઈનનો ફોટો લગાવીને અરજી રદ કરવામાં આવી હતી.

## આપ નેતા મનીષ સિસોદિયાને આજે કોર્ટમાંથી જામીન મળવાની આશા

### રાઉઝ એવન્યુ કોર્ટે અગાઉ ૬ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા

નવીદિલ્હી,

દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયાની જામીન અરજી પર આજે એટલે કે શનિવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં સુનાવણી થશે. મહત્વનું છે કે, સુનાવણીના એક દિવસ પહેલા શુક્રવારે સિસોદિયાએ તિહાર જેલમાંથી એક પત્ર લખ્યો હતો. પૂર્વ દિલ્હીમાં પોતાના વિધાનસભા ક્ષેત્ર પટપરગંજના લોકોને લખેલા પત્રમાં સિસોદિયાએ કહ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં બહાર મળશે.

## તાજમહેલથી વધુ પ્રવાસીઓ આવ્યા અયોધ્યા રામ મંદિરે

**બે મહિનામાં જ રામમંદિરને ૧૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું**

અયોધ્યા

યુપીમાં રામ મંદિર પ્રવાસીઓની પહેલી પસંદ બની ગયું છે. પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં હવે રામ મંદિરે તાજમહેલને પાછળ છોડી દીધું છે. કમાણીનું પણ કંઈક આવું જ છે. હવે પ્રવાસીઓની પહેલી પસંદ તાજમહેલ નહી પરંતુ કાશી વિશ્વનાથ અને રામ મંદિર છે. પ્રવાસન વિભાગના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે. ગત વર્ષે કાશી બાદ સૌથી વધુ લોકો અયોધ્યા પહોંચ્યા હતા.

મંદિર-મસ્જિદ વિવાદને કારણે વર્ષોથી વિવાદમાં રહેલ અયોધ્યા હવે ધાર્મિક પર્યટનનું હબ બની ગયું છે. રામનગરીના સર્વાંગી વિકાસ માટે ૩૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ આકાર લઈ રહ્યા છે. સુવિધાઓ વધી હોવાથી રામનગરીમાં પ્રવાસન પણ વધ્યું છે.કોરિડોરે કાશીનો અને રામ મંદિરે અયોધ્યાનો ચહેરો બદલી નાખ્યો છે.સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. દીપોત્સવ જેવા કાર્યક્રમોએ અયોધ્યાને વૈશ્ર્વિક ઓળખ અપાવી છે.

આગ્રામાં જ્યાં દર વર્ષે ૯૦ લાખથી એક કરોડ લોકો ત્યાં પહોંચી રહ્યા છે, હાલ પાંચ કરોડથી વધુ લોકો અયોધ્યા અને કાશી પહોંચી રહ્યા છે. રામ મંદિરે કમાણીના મામલામાં તાજમહેલને પણ પાછળ છોડી દીધુ છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ડેટા અનુસાર, તાજમહેલને વર્ષ ૨૦૨૨માં ટિકિટના વેચાણથી ૨૫,૬૧,૭૩,૧૪૫ રૂપિયાની આવક મળી હતી, જ્યારે ૨૦૨૧માં ૯,૫૩,૪૧,૭૫ રૂપિયા. બીજી તરફ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કાર્યાલય પ્રભારી પ્રકાશ ગુપ્તાનું કહેવું છે કે, બે મહિનામાં જ રામ લલ્લાને લગભગ ૧૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. આ ઉપરાંત સોનું, ચાંદી અને અન્ય ધાતુઓ પણ મોટી માત્રામાં મળી રહી છે.

## પશ્મિના માર્ચ પહેલા લેહમાં કલમ ૧૪૪ લાગુ

### વાંગચુકનો આરોપ - ચીને ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન હડપ કરી



લેહ,

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે લેહમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (ન્છઝ) સાથેના વિસ્તારોમાં પશ્મિના માર્ચ કાઢવાની જાહેરાત કરી છે. ૭ એપ્રિલે કાઢવામાં આવનાર પશ્મિના માર્ચમાં હજારો લોકો ભાગ લે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને લદ્દાખ પ્રશાસને લેહમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. આ ઉપરાંત ઈન્ટરનેટ પ્રતિબંધનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે.

આદેશ મુજબ ઈન્ટરનેટ સેવા ઘટાડીને ૨૫ કરવામાં આવશે. આ આદેશ શનિવારે સાંજે ૬ વાગ્યાથી રવિવારે સાંજે ૬ વાગ્યા સુધી લેહ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં લાગુ રહેશે.આ પશ્મિના માર્ચ લદ્દાખના તે ગોચરોમાં ચીની ઘૂસણખોરીને ઉજાગર કરવા અને પર્યાવરણીય રીતે નાજુક પ્રદેશની જમીની વાસ્તવિકતાઓને સામે લાવવા માટે કાઢવામાં આવશે. વાંગચુકે દાવો કર્યો છે કે ચીને લગભગ ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કરી લીધો છે. પશ્મિની ભરવાડો કૂચમાં જોડાશે જેઓ જણાવશે કે ગોચર પહેલા ક્યાં હતું અને આજે ક્યાં છે.

વાંગચુકે એક વીડિયો પોસ્ટ કર્યો હતો તેમણે એવો પણ દાવો કર્યો કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ હોવાથી પ્રશાસનને દિલ્હીથી સૂચનાઓ મળી રહી છે. તેમણે કહ્યું- કદાચ પ્રશાસનને કોઈપણ કિંમતે શાંતિ જાળવવા માટે કહેવામાં આવ્યું છે. ૩૧ દિવસથી ઉપવાસ ચાલુ છે અને કોઈ ઘટના બની નથી.

## ... તો પાકિસ્તાનમાં ઘૂસીને આતંકીઓનો ખાત્મો કરીશું

### રાજનાથસિંહે શુક્રવારે કહ્યું કે, દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલાને સરકાર બક્ષશે નહીં


નવીદિલ્હી,

રક્ષા મંત્રીએ કહ્યું કે જો કોઈ આતંકવાદી દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરશે તો અમે જડબાતોડ જવાબ આપીશું. જો તેઓ પાકિસ્તાનમાં છુપાયેલા હશે તો અમે પાકિસ્તાનમાં ઘૂસીને તેમને મારી નાખીશું. રક્ષા મંત્રી રાજનાથ સિંહે શુક્રવારે કહ્યું હતું કે, દેશની શાંતિને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલા આતંકવાદીઓને સરકાર બક્ષશે નહી અને જો તેઓ પાકિસ્તાનમાં છુપાયેલા હોય તો પણ તેમને જવાબદાર ઠેરવશે.

મંત્રીએ એક ખાનગી ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, જો આપણા પાડોશી દેશનો કોઈપણ આતંકવાદી ભારતને હેરાન કરે છે અથવા હેરાન કરવાનો પ્રયાસ કરે છે અથવા અહીં આતંકવાદી કૃત્યો કરે છે, તો અમે તેને યોગ્ય જવાબ આપીશું. જો તે પાકિસ્તાન ભાગી જશે તો અમે પાકિસ્તાનમાં ઘૂસીને તેને મારી નાખીશું. રાજનાથ સિંહની ટિપ્પણી એવા સમયે આવી છે. જયારે ભારતે ન્યુજ એજન્સીનાં બ્રિટિશ અખબારના અહેવાલને નકારી કાઢ્યો છે.

બ્રિટિશ અખબારના અહેવાલમાં ભારતે પાકિસ્તાનમાં ટાર્ગેટ કિલિંગ કરવાનો દાવો કર્યો છે. રિપોર્ટમાં પાકિસ્તાની જાસૂસી સંસ્થા "જૈંના અધિકારીઓને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે ભારતે 'જેને તે તેના માટે દુશ્મન માને છે તેને નિશાન બનાવવાની નીતિ અમલમાં મૂકી છે.

વિદેશ મંત્રાલયે ન્યુઝ એજન્સીનાંના અહેવાલમાં લગાવવામાં આવેલા આરોપોને 'ખોટા, અને ભારત વિરોધી પ્રચાર' ગણાવ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે અનેક પ્રસંગો પર એમ પણ કહ્યું છે કે અન્ય દેશોમાં ટાર્ગેટ કિલિંગ એ 'ભારત સરકારની નીતિ'નો ભાગ નથી. સંરક્ષણ પ્રધાને એમ પણ કહ્યું કે નવી દિલ્હી તેના તમામ પડોશીઓ સાથે સારા સંબંધો જાળવવા માંગે છે અને ઉમેર્યું કે ભારતે ક્યારેય કોઈ દેશ પર હુમલો કર્યો નથી.




## અમેરિકામાં વધુ એક ભારતીય વિદ્યાર્થી ઉમા સત્ય ગડ્ડેનું મોત

### અમેરિકામાં ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત ૧૦મો કિસ્સો

વોશિંગ્ટન,

અમેરિકામાં એક પછી એક ભારતીય વિદ્યાર્થીઓ કે ભારતીય મૂળના લોકોનો મોતનો સિલસિલો યથાવત છે. આ દરમિયાન અમેરિકાથી વધુ એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અહીં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકાના ઓહિયો શહેરમાં આ ઘટના બની હતી. આ મામલે ન્યુયોર્કમાં સંચાલિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું હતું કે તપાસ ચાલી રહી છે, મૃત્યુનું કારણ હજી સુધી સામે આવ્યું નથી. ઉલ્લેખનીય છે કે અમેરિકામાં ભારતીય મૂળના લોકોના મૃત્યુનો આ સતત ૧૦મો કિસ્સો છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસના અહેવાલ અનુસાર આ વિદ્યાર્થીનું નામ ઉમા સત્ય સાઈ ગડ્ડે છે. તે ઓહાયોના ક્લિવલેન્ડમાં અભ્યાસ કરી રહ્યો હતો. ભારતીય વાણિજ્ય દૂતાવાસે કહ્યું કે, 'અમે પીડિતના પરિવાર સાથે સતત સંપર્કમાં છીએ.

અમારી સહાનુભૂતિ તેમની સાથે છે. આ મામલે તેમને તમામ સપોર્ટ કરવામાં આવશે અને વિદ્યાર્થીના મૃતદેહને ભારત પહોંચાડવામાં તમામ મદદ કરવામાં આવશે.'



## નેશન ફર્સ્ટના મંત્ર સાથે ભાજપ સેવારત છે-મોદી

**ભારતીય જનતા પાર્ટીના ૪૫માં સ્થાપના દિવસ પર નેતાઓએ અભિનંદન પાઠવ્યા**

નવીદિલ્હી,

ભારતીય જનતા પાર્ટી આજે તેનો ૪૫ મો સ્થાપના દિવસ ઊજવી રહી છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, પાર્ટી રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા સહિત પાર્ટીના ઘણા નેતાઓએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી છે અને લોકોને અભિનંદન પાઠવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટ કરી શુભેચ્છા પાઠવી અને કહ્યું કે, 'નેશન ફર્સ્ટ'ના મંત્ર સાથે ભાજપ સેવારત છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં ૬ એપ્રિલ ૧૯૮૦ ના રોજ ભાજપની રચના થઈ હતી. આજે BJP ની મહાન વિભૂતિઓને નમન કરવાનો દિવસ છે. જેમણે વર્ષોથી પોતાની મહેનત, સંઘર્ષ અને બલિદાનથી પાર્ટીને આ ઊંચાઈ પર પહોંચાડી છે. પીએમએ લખ્યું કે, ભારતની પસંદગીની પાર્ટી છે ભાજપ, જે હંમેશાં ભ્રષ્ટાચાર, પરિવારવાદ વિરૂદ્ધ સંકલ્પબદ્ધ છે. આ સાથે પીએમ મોદીએ આશા વ્યક્ત કરી કે, જનતા વધુ એક કાર્યકાળ માટે આશીર્વાદ આપશે. NDAનો અભિન્ન અંગ હોવાનો અમને ગર્વ છે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે પણ સોશિયલ મીડિયા પોસ્ટ કરી પાર્ટીના કાર્યકર્તાઓને બીજેપીના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી હતી અને પાર્ટી માટે કામ કરી રહેલા કાર્યકરોને સલામ આપી હતી. અમિત શાહે લખ્યું, 'ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ પર તમામ કાર્યકરોને અભિનંદન. હું એવા અસંખ્ય કાર્યકરોને સલામ કરું છું કે જેમણે બીજેપીને વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનાવવાની યાત્રામાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે. સંગઠન પ્રત્યે અતૂટ સમર્પણ અને કામ પ્રત્યેની નિષ્ઠાથી દેશવાસીઓની આશાઓ અને આકાંક્ષાઓ દિવસ-રાત મજબૂત થઈ છે. પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ ગરીબ કલ્યાણ અને સાંસ્કૃતિક વારસાના પુનઃનિર્માણનો પર્યાય બનીને ભારતના નિર્માણમાં મદદ કરી રહી છે.BJP અધ્યક્ષ JP નડ્ડાએ પણ પાર્ટીના સ્થાપના દિવસના અવસરે પોસ્ટ શેર કરી લખ્યું કે, 'ભાજપના તમામ વરિષ્ઠ નેતાઓને નમન, જેમણે તેમના બલિદાન, સમર્પણ અને સખત મહેનતથી સંગઠનને દેશવ્યાપી વિસ્તરણ પૂરું પાડ્યું. સ્થાપના દિવસ નિમિત્તે તમામ કાર્યકરોને હાર્દિક અભિનંદન. પીએમ મોદીના નેતૃત્વમાં તમામ કાર્યકર્તાઓ વિકસિત ભારતના નિર્માણના સંકલ્પ સાથે વિજયના માર્ગ પર આગળ વધી રહ્યા છે.

CMYK

# રાજ્યમાં સુરક્ષામાં વધારો : 2019ની સામે આ વર્ષે 52 લશ્કરી દળની વધુ કંપની ફાળવાઈ

ગાંધીનગર,

લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેના ભાગ રૂપે, લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા સેન્ટ્રલ આર્મ ફોર્સની ૨૨૫ કંપનીઓ ફાળવવામાં આવી છે. જણાવી દઈએ કે, ૨૦૧૯ ની ચૂંટણીમાં સેન્ટ્રલ આર્મ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. આમ, આ વખતે પર જેટલી લશ્કરી દળોની કંપનીઓ વધુ ફાળવવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૨૦ જેટલી કંપનીઓ ગુજરાત રાજયમાં ગોઠવાઈ ચૂકી છે. જેમાં સીઆરપીએફની ૫ તથા બીએસએફની ૧૦ કંપનીઓ સામેલ છે. રાજયના ચાર મોટા શહેરો અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં આ ટીમ યુહાત્મક લોકેશન પર મૂકી દેવામાં આવી છે. આ ઉપરાંત, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, કચ્છ, વલસાડ, દાહોદ એમ છ જિલ્લામાં ફોકસ કરવામાં આવ્યું છે.

આગામી લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા કેટલીક મહત્વની સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આંતરરાષ્ટ્રીય બોર્ડર ચેકપોસ્ટ તેમજ અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ અર્ધલશ્કરી દળોની કંપની તેના કરવામાં આવે છે. પ્રત્યેક કંપનીમાં ૭૨ જેટલા કર્મચારીઓ હોય છે, એટલે પ્રથમ તબક્કે ૧,૪૪૦ જેટલા જવાનો સલામતી બંદોબસ્તમાં ગોઠવાઈ ચૂક્યા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ૧૭૩ કંપનીઓ તૈનાત કરવામાં આવી હતી. રાજયમાં કુલ ૭૯ કંપનીઓ સીઆરપીએફ,બીએસએફની ૬૬ કંપનીઓ ગુજરાત કંપનીઓ ગુજરાત સ્ટેટ રિઝર્વ પોલીસ પ્લાન કંપનીઓ મળીને ૧૭૩ કંપનીને કામગીરી સોંપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં ૪૬,૭૦૦૯ સિવિલ પોલીસ ૫૪,૮૭૦ હોમગાર્ડ, જીઆરડી જવાનો તેમજ ૨૫૨૦ના એસઆરપીએફના જવાનોને સલામતી બંદોબસ્તમાં ગોઠવણ કરવામાં આવી હતી.

## સખ્ત ગરમી વચ્ચે કમોસમી વરસાદની આગાહી

# આગામી ૧૦ અને ૧૧મીએ સામાન્ય વરસાદની શકયતા



અમદાવાદ,

રાજયમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે આગામી દિવસોને લઈને રાજયમાં વાતાવરણના બદલાવના સંકેત આપ્યા છે. ગરમીની વચ્ચે ગઈકાલથી આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા. ગરમીની ઋતુમાં આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે તેમ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું. એપ્રિલ મહિનામાં સામાન્ય રીતે ગરમીનો પારો ઉંચો જોવા મળે છે પરંતુ આ હાલમાં ગરમીમાં આંશિક ઘટાડો થયો છે.

હવામાનમાં થઈ રહેલા ફેરફારોને પગલે હવામાન વિભાગ દ્વારા ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમા સામાન્ય વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ૧૧મીએ સાબરકાંઠા, બનાસકાંઠામાં હળવાથી મધ્યમ વરસાદ જોવા મળી શકે છે. જ્યારે ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર સહિતના દક્ષિણ ભાગોમાં તાપમાનમાં સામાન્ય વધારો જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ૧૨થી ૧૮ એપ્રિલ દરમ્યાન પંમહાલ, સાબરકાંઠા અને અમદાવાદમાં કમોસમી વરસાદની આગાહી કરી છે.

# શાળામાં હીંચકે ઝૂલતી બે સગી બહેનના મોત

## ૩ સગી બહેનોને અચાનક જોરદાર કરંટ લાગ્યો



દાંતા

દાંતા તાલુકામાંથી એક હચમચાવે એવી ઘટના સામે આવી છે. મોરડુંગરાની પ્રાથમિક શાળામાં હીંચકે ઝૂલતી ૩ સગી બહેનોને અચાનક જોરદાર કરંટ લાગ્યો હતો, જેપૈકી ૨ સગી બહેનોનાં કરુણ મોત થયાં છે, જ્યારે અન્ય એક બહેનની હાલત ગંભીર છે.

પ્રાથમિક તપાસ મુજબ આ બાળકીઓ શાળામાં અભ્યાસ કરતી નથી. સામાજિક પ્રસંગે સાંધોશીથી પરિવાર અહીં આવ્યો હતો. લોખંડના હીચકા નજીક પાણીના બૉર્ડનું સ્ટાર્ટર હોવાથી એમાં કરંટ આવતાં આ કરૂણાંતિકા સર્જાઈ છે. બન્ને બહેનોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે માંકડી CHC ખસેડવામા આવ્યા હતા.

# બોરસદ કોર્ટમાં બે શખ્સોએ જજની ચેમ્બરમાં ઘૂસી કર્યો હુમલો

## બંને શખ્સોએ ન્યાયાધીશને મુક્કાઓ મારી શર્ટના બટન તોડી નાખ્યા

આણંદ

આણંદની બોરસદ કોર્ટમાં બે શખ્સોએ જજની ચેમ્બરમાં ઘૂસી હુમલો કરી દેતા ચકચાર મચી છે. ભરબપોરે હુમલો કરી હુમલાખોરો ફરાર થઈ જતા પોલીસે અલગ અલગ ટીમો બનાવી હુમલાખોરોને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી સીસીટીવીના આધારે હુમલાખોરોની ઓળખ મેળવવા પ્રયાસો હાથ ધર્યા છે. કોર્ટની અંદર જ જજ પર હુમલો થતા હાઈકોર્ટ દ્વારા પણ સમગ્ર મામલે અહેવાલ માગવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

આણંદ જિલ્લાની બોરસદ કોર્ટમાં શુક્રવારે બપોરે એડિશનલ ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ એમ.ડી નંદાણી પોતાની ચેમ્બર હાજર હતા ત્યારે જ બે અજાણ્યા શખ્સો ત્યાં ઘૂસી આવ્યા હતા. બંને શખ્સોએ ન્યાયાધીશને મુક્કાઓ મારી શર્ટના બટન તોડી નાખ્યા હતા. જજ પર ચેમ્બરમાં પડેલી ટીપોય ફેંકવાનો પ્રયાસ કરી તોડી નાખી હતી. બિભત્સ ગાળો અને મારી નાખવાની ધમકી આપી બંને શખ્સો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. બોરસદ કોર્ટમાં એડી.ચીફ. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.ડી.નંદાણી પર બોરસદ કોર્ટની ચેમ્બરમાં જ હુમલો થતા કોર્ટના રજિસ્ટ્રાર એલ.એ.પંચોલી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શુક્રવારે બપોરે રિસેસના સમયે જજ પોતાની ચેમ્બર હતા અને તેમના પ્યુન ચા લેવા ગયા હતા ત્યારે જ બે અજાણ્યા શખ્સોએ ચેમ્બરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી હુમલો કર્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આણંદ જિલ્લાના ઈન્ચાર્જ એસપી અતુલ બંસલે માહિતી આપતા જણાવ્યું હતું કે, બોરસદ કોર્ટમાં બપોરના સમયે જજ જ્યારે હાજર હતા ત્યારે બે અજાણ્યા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો અને તુરંત ભાગી ગયા હતા. આ મામલે પોલીસે ફરિયાદ નોંધી આરોપીઓની

# બૈરા સામે મારૂં તો શું નીતિન કાકાનુંય કંઈ ઉપજતું નથી

## ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનો એક વીડિયો વાયરલ

અમદાવાદ,

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે નીતિન પટેલના એક નિવેદનને લઈને ટિપ્પણી કરી હતી જેની ભારે ચર્ચા થઇ રહી છે. મહેસાણા જિલ્લાના બૂથ સંમેલન દરમિયાન પાટીલનું નિવેદન ચર્ચાનો વિષય બન્યો છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં તે કહી રહ્યા છે કે, "તમારૂ ઘરમાં ઉપજે છે, તમારી પત્ની ના તો ના પાડે ને, બહેન ના પાડે ને તો કહેજો આ મોદી સાહેબ માટે છે જરાય ના નહીં પાડે. આમ તો ઘરમાં કોઈનું ઉપજતું જ નથી. તમે બધા હા હા કરો છો, મારૂ જ નથી ઉપજતુ તમારૂ કયા ઉપજશે. આ નિતિન કાકાનું બહાર કેટલું ચાલે છે પણ અંદર ઘરમાં ચાલતું હોય તો પૂછી જુઓ.

# લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે




અમદાવાદ,


લોકસભાની ચૂંટણીના ડેટા દર્શાવે છે કે અપક્ષ ઉમેદવારો પર મતદારોનો વિશ્વાસ ઘટી રહ્યો છે, ૧૯૯૧ થી ૯૯ ટકાથી વધુ અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી દીધી છે.ભારતના ચૂંટણી પચં દ્વારા સંકલિત ડેટા દર્શાવે છે કે આઝાદી પછી, સ્વતત્રં ઉમેદવારોની સંખ્યા વધુ રહી હોવા છતાં, ચૂંટણી જીતનારાઓની સંખ્યા ૧૯૫૧માં છ ટકાથી વધુ અને ૧૯૫૭માં આઠ ટકાથી ઘટીને ૨૦૧૯ માંલગભગ ૦.૧૧ ટકા થઈ ગઈ છે. ૧૯૫૧-૫૨ની પ્રથમ ચૂંટણીમાં ૫૩૩ અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી લડી હતી અને તેમાંથી ૩૭ જીત્યા હતા, લગભગ ૬.૯૦ ટકા. ચૂંટણીપંચના નિયમોમાં એવી જોગવાઈ છે કે જે ઉમેદવારો કુલ માન્ય મતોમાંથી ઓછામાં ઓછા છઠ્ઠા ભાગના મત મેળવવામાં નિષ્ફળ જાય છે તેમની ડિપોઝીટ ટ્રેઝરીમાં રીડાયરેકટ કરવામાં આવશે. ૧૯૫૧માં સામાન્ય ઉમેદવારો માટે સિકયોરિટી ડિપોઝીટની રકમ . ૫૦૦ અને એસસીએસટી સમુદાયના ઉમેદવારો માટે . ૨૫૦ હતી. ત્યારથી આ રકમ સામાન્ય અને એસસીએસટી ઉમેદવારો માટે . ૨૫,૦૦૦ અને . ૧૨,૫૦૦ સુધી વધી છે. ૧૯૫૭માં, ૧,૫૧૯ અપક્ષ ઉમેદવારો લોકસભા ચૂંટણી લડા હતા, જેમાં ૪૨ એ જીત્યા હતા — લગભગ ૮.૭ ટકા. જો કે, આ બે ચૂંટણીઓમાં પણ ૬૭ ટકા અપક્ષ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ જ કરી હતી. જેમ જેમ ભારતની લોકશાહી વર્ષોથી અસ્તિત્વમાં આવતા અનેક પ્રાદેશિક પક્ષો સાથે વિકસતી ગઈ તેમ તેમ જીતનારા અપક્ષ ઉમેદવારોની સંખ્યા ઘટી રહી છે. ૧૯૬૨માં, ૨૦ અપક્ષ ઉમેદવારો જીત્યા હતા, જે કુલના ૪.૨ ટકા હતા, યારે ૭૮ ટકાથી વધુ લોકોએ તેમની ડિપોઝીટ ગુમાવી હતી. તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના મૃત્યુ પછી તરત જ યોજાયેલી ૧૯૮૪ની ચૂંટણીમાં ૧૩ અપક્ષ ઉમેદવારોએ જીત મેળવી હતી.

## હાર્દિક પંડ્યા સોમનાથ મહાદેવનાં દર્શને



ભારતીય ટીમના સ્ટાર ઓલ રાઉન્ડર અને મુંબઈ ઈન્ડિયન્સ ટીમના સુકાની હાર્દિક પંડ્યાએ પ્રથમ જ્યોર્તિલિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. હાર્દિક પંડ્યાએ સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અર્પણ કરી મહાદેવનો જલાભિષેક કર્યો હતો. આ અવસરે તેઓએ સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજન કર્યું હતું. આ તકે સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મહાદેવનું સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ આપી હાર્દિક પંડ્યાનું અભિવાદન કર્યું હતું.

# આવશ્યક દવાઓના ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં, આ મોદીની ગેરંટી છે : માંડવીયા



ગાંધીનગર,

આવશ્યક દવાઓના ભાવમાં વધારામાં વધારાની અટકળો પર પૂર્ણવિરામ મૂકતા કેન્દ્રીય પ્રધાન મનસુખ માંડવિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવામાં નજીવી વધારો થયો હોવાથી આ નાણાકીય વર્ષમાં જીવન આવશ્યક દવાઓના ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. આ મોદીની ગેરંટી છે.તેમણે જણાવ્યું હતું કે ભાવવધારાના અહેવાલો બિલકુલ ખોટા છે. દવાઓના ભાવમાં કોઈ વધારો થશે નહીં. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી દર વર્ષે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ ના આધારે શિડ્યુલ્ડ દવાઓની ટોચની ભાવમર્યાદામાં સુધારો કરે છે. ફુગાવો વધે છે, ત્યારે ભાવમાં વધારો થાય છે અને ફુગાવો ઘટે ત્યારે ભાવ ઘટે છે. આ વર્ષે ફુગાવો વધ્યો નથી. તે માત્ર ૦.૦૦૫ છે. તેથી કંપનીઓ આ વર્ષે ભાવ વધારશે નહીં. આ મોદીની ગેરંટી છે. ડ્રગ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર્સ ૨૦૧૩ની જોગવાઈઓ અનુસાર દવાઓને શિડ્યુલ્ડ અને નોન-શિડ્લ્યુલ્ડ ફોર્મ્યુલેશન તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

# ૧૦ પાસ યુવકે અમેરિકનોને છેતર્યા લોનની લાલચ આપી ઠગતો હતો

## રાતે ૧૨થી ૫ વાગ્યા સુધી ઘરેથી જ ફોન કરી રોજ ૩૦ લોકોને ટાર્ગેટ કરતો

જુહાપુરા

જુહાપુરાનો ધોરણ ૧૦ પાસ યુવક ફાંકડું અંગ્રેજી બોલી અમેરિકન નાગરિકોને લોનની લાલચ આપી ઠગતો હતો. પોલીસે બાતમીને આધારે તેને ઝડપી પાડ્યો હતો. ધોરણ ૧૦ સુધી ભણેલો સોહિલ પરવેઝ રાશિદ પરવેઝ શેખ (ઉં. ૨૭) અમેરિકાના લોકો સાથે ફોન પર 'મે આઈ હેલ્પ યુ' અને 'વોટ કેન આઈ ડુ ફોર યુ' તેવી વાત કરીને લોન લેવા માટે તૈયાર કરતો હતો. બેંકનો લોનનો નકલી અપ્રૂવલ લેટર બતાવીને કમિશન પેટે ગિફ્ટ વાઉચરથી ડોલરમાં પૈસા પણ લેતો હતો. આ યુવક તેના ઘરમાં જ રાતે ૧૨ વાગ્યાથી સવારે૫ વાગ્યા સુધી કોલ સેન્ટર ચલાવતો હતો. તે રોજ રાતે ૩૦ લોકો સાથે વાત કરતો હતો.

પોલીસે રેડ પાડી ત્યારે સોહિલ અમેરિકી નાગરિક સાથે જ વાત કરી રહ્યો હતો.તેની પાસેથી લેપટોપ, ૩ ફોન મળ્યા હતા. પૂછપરછમાં સોહિલે જણાવ્યું હતું કે, તે અગાઉ રખિયાલમાં કોલ સેન્ટર ચલાવતો હતો ત્યારે હબીબ શેખ નામની વ્યક્તિના સંપર્કમાં આવ્યો હતો. ત્યાર બાદ હબીબ દિલ્હી જતો રહ્યો હતો અને ત્યાંથી કોલ સેન્ટર ચલાવતો હતો. હબીબ જે એપ આપે તેમાં ૧૫૦થી ૨૦૦ અમેરિકીના ડેટા રહેતો હતો.

# વડોદરા સ્ટેશન પર વંદે ભારતમાં પત્નીને મુકવા ગયેલા પતિ ટ્રેનમાંથી ઉતરે તે પહેલાં દરવાજો બંધ થઇ ગયો

વડોદરા,

સ્વભાવિક રીતે આપણા ઘરેથી જ્યારે કોઈ ટ્રેનમાં બહાર જાય ત્યારે પરિવારજનો તેમને સ્ટેશન પર મૂકવા જતા હોય છે. જેથી લગેજ ઉપાડવામાં કોઈ મુશ્કેલી ના પડે. પરંતુ કેટલીકવાર લોકો સામાન ટ્રેનના ડબ્બામાં મુકવા માટે ચઢી જાય છે, અને કેટલીકવાર ટ્રેન ચાલવા લાગે છે અને ઉતાવળમાં ઉતરવું પડે છે. આવી ભૂલ વડોદરામાં એક વ્યક્તિને મોંઘી પડી ગઈ છે. હાલ આ ઘટના સોશિયલ મીડિયામાં શેર કરવામાં આવી છે. જેમાં એક યુવતીએ પોતાના માતા પિતા સાથે બનેલી ઘટના જણાવી છે. વડોદરા સ્ટેશન પર વંદે ભારતમાં પત્નીને મુકવા ગયેલા પતિ ટ્રેનમાંથી ઉતરે તે પહેલાં દરવાજો બંધ થઈ જતા સુરત ઉતરી પાછા વડોદરા જવું પડ્યું હતું, પતિ ટ્રેનમાં પત્નીને સીટ સુધી મુકવા ગયો હતો. ટ્રેન સ્ટોપેજનો સમય પુરો થતાં ઓટોમેટિક દરવાજો બંધ થઈ ગયો હતો.

# પાટીલની પાંચ લાખની લીડનો પ્લાન



## ગુજરાતની ૨૬ બેઠકપરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત

ગાંધીનગર,

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખથી વધુ મતની લીડ મેળવવા માટે ગુજરાત ભાજપ દ્વારા વ્યૂહરચના ઘડી નાંખવામાં આવી છે. ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો રહ્યા હોય વ્યૂહરચના અનુસાર ભાજપ કામે પણ લાગી ગયું છે. જેમાં ચૂંટણીમાં જીતના પાયામાં બુથ પ્રમુખોને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી રહી છે.લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની ૨૬ બેઠક પરથી ૨ કરોડ ૨૨ લાખ મત અંકે કરવા માટેનું ગણિત મંડાઇ રહ્યું છે. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે બુથ પ્રમુખોને સંબોધતા જણાવ્યું કે નરેન્દ્ર મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનવા જઇ રહ્યા છે ત્યારે ગુજરાત ભાજપે પણ ત્રીજી વખત ૨૬માંથી ૨૬ બેઠક જીતીને હેટ્રીક તો સર્જવાની છે સાથે કંઈક વિશેષતા પણ કરવાની છે. જો ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠક જીતી શકતા હોઈએ તો લોકસભાની ૨૬ બેઠક પર ઓછામાં ઓછા ૫ લાખની લીડ મેળવી શકાય તેવો મને વિશ્વાસ છે. બુથ પ્રમુખોને સૂચવેલા પાંચ કામો સિસ્ટમ મુજબ કરવામાં આવશે તો ૫ લાખથી વધુ મતની લીડ ચોક્કસ પાર કરી શકાશે. બુથ પ્રમુખે કમિટીના ૧૪ સભ્યની બેઠક યોજીને જવાબદારી સોંપવા સાથે તેઓને આગેવાની લેવા પ્રેરિત કરવાના છે. ગુજરાતમાં ૧ કરોડ ૧૩ લાખ ભાજપના પ્રાથમિક સદસ્ય નોંધાયા છે અને ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે. ભાજપના પ્રાથમિક સદસ્ય અને પેજ કમિટીના સભ્ય વચ્ચે ફરક એટલો છે કે એક જ ઘરમાંથી બેથી પાંચ વ્યક્તિ ભાજપના પ્રાથમિક સદસ્ય હોઇ શકે છે. પરંતુ પેજ કમિટીમાં એક ઘરમાંથી એક જ વ્યક્તિ હોય છે. ભાજપના ૭૪ લાખ પેજ કમિટીના સભ્યો છે મતલબ ગુજરાતના ૭૪ લાખ ઘરમાં ભાજપનો એક સભ્ય છે. ભાજપના ૭૪ લાખ સભ્યો છે જેઓના ઘરમાં સરેરાશ ત્રણ મત હોય કુલ ૨ કરોડ ૨૨ લાખ મત છે. જો લોકસભાની ચૂંટણીમાં ૨ કરોડ ૨૨ લાખ મતદારો દ્વારા મતદાન કરવામાં આવે તો કોંગ્રેસના ૨૬ ઉમેદવારોની ડીપોઝીટ પણ બચી શકે નહીં. હું કોઇ દાવો કરતો નથી અને ડંફાશ મારવી એ મારો સ્વભાવ નથી. મેં જે કહ્યું છે તે કર્યું છે.

# રાજીવ મોદી સામે દુષ્કર્મ કેસમાં વિદેશી યુવતીએ હ્યુમન રાઈટ કાઉન્સિલમાં ફરિયાદ નોંધાવી



અમદાવાદ

કેડીલના CMD રાજીવ મોદીની મુશ્કેલીમાં વધારો. વિદેશી બલ્ગરેરીયન યુવતીએ દુષ્કર્મ કેસમાં રાજીવ મોદી સામે હ્યુમન રાઈટ કાઉન્સિલમાં ફરિયાદ નોંધાવી. બલ્ગેરીયન યુવતી સાથે દુષ્કર્મ કેસમાં રાજીવ મોદી સામે હાઈકોર્ટના હુકમ બાદ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. રાજીવ મોદી શહેરના અગ્રણી ઉદ્યોગપતિ હોવાથી જ્યારે વિદેશી યુવતી તેમની સામે ફરિયાદ નોંધાવા ગઈ ત્યારે પોલીસ ફરિયાદ નોંધવા તૈયાર નહોતી. આખરે યુવતીએ ફરિયાદ માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા.

રાજીવ મોદીએ છારોડી ખાતેના ફાર્મહાઉસમાં વિદેશી યુવતી પર દુષ્કર્મ કર્યું હતું. હાઈકોર્ટની ટકોર બાદ રાજીવ મોદી સામે ફરિયાદ નોંધાતા શહેરભરમાં આ મામલાને લઈને ચકચાર મચી હતી. બલ્ગેરિયન યુવતીની હાઈકોર્ટમાં ફરિયાદ બાદ રાજીવ મોદીને બે-બે સમન્સ મોકલવામાં આવ્યા હતા. જેના બાદ ૧૫ ફેબ્રુઆરીએ રાજીવ મોદી સોલા પોલીસ સ્ટેશને હાજર થયા હતા. રાજીવ મોદી સામેના દુષ્કર્મ કેસની તપાસ માટે SIT નિમવામાં આવી હતી. તેમજ એડિશનલ પોલીસ કમિશનર ચિરાગ કોરડિયાના વડપણ હેઠળ SITએ કેસના તમામ સાક્ષીઓના નિવેદન લીધા.

# ગોહિલવાડ રાજપુત સમાજના ઉપક્રમે ઘોઘામાં મંગળવારે યોજાશે ત્રિવિધ કાર્યક્રમ

## મોખડાજી ગોહિલ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજીને સ્મરણાંજલિ અર્પણ કરાશે



ભાવનગર, તા.૬

ગોહિલવાડ રાજપૂત સમાજ ભાવનગરના ઉપક્રમે પરંપરાગત રીતે દર વર્ષે ચૈત્ર સુદ એકમના દિવસે વીરપુરુષ મોખડાજી ગોહિલ અને પ્રાતઃ સ્મરણીય મહારાજા કૃષ્ણકુમારસિંહજીને સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે ૯ એપ્રિલ ના સવારે ૯:૩૦ કલાકે ઘોઘા ખાતે ૧૯૨૪ થી ૨૦૨૪ સુધી શતાબ્દી વર્ષની ઉજવણી સાથે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઘોઘામાં મહાકાળી માતાજીના સ્થાનકે યોજાનાર કાર્યક્રમ ગોહિલવાડ રાજપૂત સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલના અધ્યક્ષ સ્થાને તેમજ ભાવનગર રાજવી પરિવારના યુવરાજ જયવીરરાજસિંહ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, ગુજરાત રાજ્યના પૂર્વ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખભાઈ માંડવીયા સહિતના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ગોહિલવાડ રાજપૂત સમાજ ભાવનગર જિલ્લા તાલુકા કક્ષાના તમામ રાજપૂત સમાજના પ્રમુખ સાથે કારોબારી સમિતિ ઉપરાંત રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. ગોહિલવાડ રાજપુત સમાજના ઉપક્રમે યોજાનાર આ કાર્યક્રમમાં સમાજના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત દીકરા, દીકરીઓનું સન્માન પણ કરવામાં આવશે.આ વર્ષમાં વ્યવસાયિક,સામાજિક,રાજકીય,રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ ઉચ્ચ ક્રમાંક સાથે વિશિષ્ટ સિદ્ધિ મેળવેલી પ્રતિભાને પસંદ કરવામાં આવી છે.

# અકવાડાના ૫૮ વર્ષિય મહિલા દર્દીનું સર ટી. હોસ્પિટલના બિછાને સ્વાઈનફલૂથી થયુ મોત

## મૃતકની ૩ વર્ષની પૌત્રીને પણ સામાન્ય લક્ષણો જણાતા આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લઈ રિપોર્ટ માટે મોકલી અપાયા

ભાવનગર, તા.૬

શહેરના અકવાડા વિસ્તારમાં રહેતા એક મહિલાનુ સ્વાઈન ફલુથી બિમારીથી સર ટી. હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું. જ્યારે તેણીની ત્રણ વર્ષની પૌત્રીને પણ સામાન્ય લક્ષણો જણાતા તંત્ર દ્વારા સેમ્પલ લઈ રિપોર્ટ માટે મોકલી અપાયા છે. ૫૮ વર્ષિય મહિલા ગત તા.૨ એપ્રિલના સર ટી. હોસ્પિટલમાં દાખલ થયા હતાં અને તેનો સ્વાઈનફલુનો રિપોર્ટ આવે તે પૂર્વે જ તેમનું મોત નિપજ્યું હતું. જો કે, મૃત્યુ બાદ તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી છે.

ભાવનગરના અકવાડા વિસ્તારમાં રહેતા ૫૮ વર્ષના મહિલાની તબીયત ખરાબ થતા તેઓને ગત તા. ૨ એપ્રિલે સારવાર માટે શહેરની સર તખ્તસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. સ્વાઈન ફલૂના લક્ષણો જણાતા મહિલાના સેમ્પલ લેવામાં આવ્યા હતાં. ગત તા. ૩ એપ્રિલના બપોરે મહિલાનો સ્વાઈન ફલૂનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને એ જ દિવસે સવારે ૮ કલાકે તેઓનુ સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. જો કે, કોઈ કારણોસર તંત્રએ આ વિગતો જાહેર કરી ન હતી.

દરમિયાનમાં મૃતક મહિલાના પૌત્રીને શરદી-ઉધરસ હોવાથી તેના સેમ્પલ લઈ રીપોર્ટ કરવામાં આવ્યા છે, જ્યારે ઘરના અન્ય તમામ સભ્યો સ્વસ્થ હોવાનું મહાપાલિકાના આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

## સરદારનગરની ૨૦ વર્ષની કોરોનાગ્રસ્ત યુવતી પાંચ દિવસથી ગંભીર

ભાવનગરમાં સ્વાઈનફ્લુ અને કોરોના જેવી ગંભીર મહામારીએ માથુ ઉચક્યું છે. જો કે, માત્ર એકલ-દોકલ કેસ જોવા મળી રહ્યા છે જેથી ચિંતાની બહુ મોટી વાત નથી પરંતુ સ્વાઈનફ્લુથી ૫૮ વર્ષિય મહિલાનું મૃત્યુ નિપજ્યું છે. તો સરદારનગરની ૨૦ વર્ષની યુવતી છેલ્લા પાંચ દિવસથી સર ટી. હોસ્પિટલમાં બાયપેપ પર છે. તેણી કોરોનાગ્રસ્ત છે અને છેલ્લા પાંચ દિવસથી મૃત્યુ સામે જંગ ખેલી રહી છે. તેણીની તબિયતમાં સુધારો લાવવા તબીબો દ્વારા ભરપુર પ્રયાસો થઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# ગારીયાધાર વિધાનસભામાં શેરી મીટીંગો કરી મહિલાઓને મહત્તમ મતદાન કરવાં પ્રોત્સાહિત કરાયાં



આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪મા ભાવનગર જિલ્લામાં વધુને વધુ મતદારો મતદાન તરફ પ્રોત્સાહિત થાય અને પોતાના પવિત્ર મતદાનની ફરજ અદા કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર આર.કે.મહેતાના માર્ગદર્શન હેઠળ સ્વીપ દ્વારા વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે, ત્યારે ૧૦૧-ગારીયાધાર વિધાનસભા મત વિસ્તારમાં મતદાન વધારવા માટે લો વોટર ટર્ન આઉટ ધરાવતા બુથ પૈકીના ગામો તેમજ અન્ય ગામોમાં શેરી મીટીંગો કરી મહિલા મતદારોને મતદાન કરવા પ્રોત્સાહિત કર્યાં હતાં. આ ઉપરાંત ગારીયાધર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આશાબહેનોને આગામી લોકસભાની ચૂંટણીમા મહત્તમ મતદાન કરવા જરૂરી માર્ગદર્શન આપવાની સાથે લોકશાહીના મહાપર્વમાં સહભાગિતા અદા કરવા મતદાન કરવા અંગે સંકલ્પબધ્ધ થયા હતા.

# વાછરડા ઉપર પાણી નાખવા બાબતે થયેલી મારામારીના કેસમા ચાર શખ્સોને ૩ વર્ષની કેદ

## ઝમરાળા ગામના છ વર્ષ પૂર્વેના કેસમાં બોટાદના એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટનો ચુકાદો

બોટાદ,તા.૬

બોટાદ જિલ્લાના ઝમરાળા ગામે છ વર્ષ પહેલા વાછરડા ઉપર પાણી નાખતા ઠપકો આપવા જેવી સામાન્ય બાબતે થયેલ મારામારીના બનાવમાં ચાર શખ્સોને બોટાદ કોર્ટે ત્રણ-ત્રણ વર્ષની સજા અને દંડનો હુકમ કરેલ છે

આ બનાવની પ્રાપ્ત વિગતો પ્રમાણે બોટાદ જિલ્લાના ઝમરાળા ગામે સને-૨૦૧૯માં બાવાભાઈ પોપટભાઈ જોગરાણાનું વાછરડું નીકળતા રણછોડભાઈના પત્નીએ વાછરડા પર પાણી નાખતા બાવાભાઈ પોપટભાઈ જોગરાણાએ ઠપકો આપેલ જેથી આરોપીઓએ કુહાડી અને લાકડીઓથી ફરિયાદી અને તેની પત્નીને માર મારેલ જે કેસ બોટાદ કોર્ટમાં ચાલી જતા સરકાર તરફે ૧૨ સાક્ષીઓની જુબાની તથા ૮ દસ્તાવેજી પુરાવા અને સરકારી વકીલ ડો. આર.આર.જાનીની દલીલોને આધારે બોટાદના એડિશનલ ચીફ મેજિસ્ટ્રેટ એ. એન. પટેલએ આરોપી રણછોડ ઘુઘાભાઈ બોળીયા, બાથા ઘુઘાભાઈ બોળીયા, નાગજી ધુધાભાઈ બોળીયા અને ભગવાન ઘુધાભાઈ બોળીયાને કસૂરવાર ઠેરવી આઈપીસી કલમ-૩૨૪માં ચારેય આરોપીને ત્રણ - ત્રણ વર્ષની સખત સજા તથા એક - એક હજાર રૂપિયા દંડ અને આઈપીસી કલમ- ૩૨૩માં એક - એક વર્ષની સજા અને ૫૦૦ના દંડનો હુકમ કર્યો હતો.

# ભાવનગર રેલ્વે મંડળે વર્ષાન્તે ચેકિંગ ડ્રાઈવમાં રૂા.૫.૩૦ કરોડ વસૂલ્યા

## વિતેલા નાણાંકીય વર્ષમાં ૭૯૭૩૭ કેસમાં રેલવેને થઈ વધારાની આવક, જો કે વર્ષ ૨૦૨૨-૨૩ કરતા દંડની રકમમાં ૨૮ લાખનો ઘટાડો

ભાવનગર, તા.૬

વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડિવિઝનને ચેકિંગ ઝુંબેશમાં કડકાઈ દાખવી ગેરરીતિ આચરનાર યાત્રીકોને દંડ ફટકારી રૂા.૫.૩૦ કરોડની આવક મેળવી હતી. જો કે, ગત નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ કરતા આ વખતે દંડની આવકમાં ૨૮ લાખનો ઘટાડો નોંધાયો છે જે યાત્રીકોની જાગૃતિ દર્શાવે છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા અનુસાર ભાવનગર ડિવિઝનમાં ટિકિટ ચેકિંગ સતત કરવામાં આવી રહ્યું છે અને ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ દરમિયાન ટિકિટ ચેકિંગથી ૫.૩૦ કરોડ રૂપિયાની રેલ રાજસ્વ ટિકિટ વિના મુસાફરી કરનારા/અયોગ્ય ટિકિટોથી વસૂલવામાં આવી છે, જે છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના લગભગ રૂ. ૫.૫૮ કરોડની નજીક છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૭૯૭૩૭ કેસ નોંધાયા છે, જેમાંથી કેટલાક એવા મુસાફરો હતા જેઓ ટિકિટ વિના મુસાફરી કરી રહ્યા હતા. આ સિવાય રેલવેના અન્ય નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ મુસાફરો પાસેથી દંડ વસૂલવામાં આવ્યો છે. જૂનાગઢના ટીટીઆઈ એ.એસ. તનવીરે ૩૪૮૯ કેસમાં રૂ. ૨૯.૫૦ લાખની વસૂલાત કરી છે. આ માટે તેમને જનરલ મેનેજર દ્વારા એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. મહિલા ટિકિટ ચેકિંગ સ્ટાફમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન જેના એસ. દ્વારા કરવામાં આવ્યુ છે, જે ૨૯૬૮ કેસમાં ૨૨.૯૩ લાખ રૂપિયા વસૂલ કર્યું છે. ઈમરાન મુંશી, આર.એસ.-પોરબંદર દ્વારા ૧૭૬૫ કેસમાં રૂ. ૮.૫૭ લાખની વસૂલાત કરવામાં આવી છે. ટિકિટ ચેકિંગ દરમિયાન અત્યાર સુધીની UPI ચૂકવણીની ટકાવારીની દ્રષ્ટિએ ભાવનગર ડિવિઝન પશ્ચિમ રેલવેમાં સર્વોચ્ચ સ્થાને છે.

છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભાવનગર ડિવિઝન પર ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારના દિશા નિર્દેશ અનુસાર, વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક માશૂક અહમદ અને સહાયક વાણિજ્ય પ્રબંધક કલ્પેશ જી. દવેની દેખરેખ હેઠળ ઘણી વખત ખાસ ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શરદ વર્મા, મુખ્ય ટિકિટ નિરીક્ષક-ભાવનગરની પણ આમાં મહત્વની ભૂમિકા હતી. આ ઝુંબેશ દરમિયાન, ટિકિટ વિના મુસાફરી કરતા/અયોગ્ય ટિકિટ અને બુક વગરનો સામાન લઈ જતા મુસાફરોની સંપૂર્ણ તપાસ કરવામાં આવી હતી.

વિવિધ માધ્યમો દ્વારા મુસાફરોને યોગ્ય ટિકિટ પર મુસાફરી કરવા વિશે જાગૃત કરવામાં આવે છે. આમ છતાં બેદરકારી દાખવવા બદલ ટિકિટ ચેકિંગ સ્ટાફ દ્વારા નિયમ મુજબ દંડ વસુલવામાં આવી રહ્યું છે. વેઈટિંગ લિસ્ટ ઈ-ટિકિટ પર મુસાફરી કરવાની પરવાનગી નથી. એ જ રીતે પ્લેટફોર્મ ટિકિટ પણ મુસાફરી માટે માન્ય નથી. પરંતુ કેટલાક યાત્રીકો આમ કરવા જતા ચેકિંગ ટીમના હાથે દંડાયા હતાં.

# આવતીકાલની મહુવા-સુરત સુપરફાસ્ટ ટ્રેન સંપૂર્ણપણે રદ

સુરત સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન રિડેવલપમેન્ટના કામના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ (NI) કાર્યને કારણે, ૦૭.૦૪.૨૦૨૪, રવિવાર સુધી પશ્ચિમ રેલ્વેની ઘણી ટ્રેનો રદ, ડાયવર્ટ, શોર્ટ ટર્મિનેટ/શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે. આ કારણોસર, ૦૬ એપ્રિલ, ૨૦૨૪ (શનિવાર)ની ટ્રેન નંબર ૨૦૯૫૫ સુરત-મહુવા સુપરફાસ્ટ ટ્રેન અને ૦૭ એપ્રિલ, ૨૦૨૪ (રવિવાર)ની ટ્રેન નંબર ૨૦૯૫૬ મહુવા-સુરત સુપરફાસ્ટ ટ્રેન સંપૂર્ણપણે રદ રહેશે.

# શહેરમાં ખરા બપોરે અને રાત્રીના ટ્રાફિક સિગ્નલો શરૂ રહેતા વાહન ચાલકો મુશ્કેલીમા

## ભાવનગર પોલીસ દ્વારા હાલ ટ્રાફિક સિગ્નલોનું ટેસ્ટિંગ કરાતુ હોવાનો દાવો

ભાવનગર, તા.૬

ભાવનગર શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી વિવિધ સર્કલે ટ્રાફીક સિગ્નલો ચોવીસે કલાક ચાલુ રહેતા વાહન ચાલકો ભારે મુશ્કેલીમા મુકાય રહ્યા છે. જોકે હાલમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફીક સિગ્નલો ચોવીસે કલાક ચાલુ રાખી તેના દ્વારા ટ્રાફીક નિયમન અંગેનું માત્ર ટેસ્ટીંગ જ ચાલતુ હોવાનું જણાવી અત્યારે નહિ પણ ટેસ્ટિંગ પુરૂ થયા બાદ સિગ્નલો ૨૪ કલાક ચાલુ રહેશે અને કેમેરા દ્વારા દંડ થશે તેમ જાણવા મળ્યું છે.

શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી રસ્તાઓ પરના ટ્રાફીક સિગ્નલો ચોવીસે કલાક ચાલુ રખાયા છે. તેથી વાહન ચાલકો મુંઝવણમાં મુકાયા છે. બપોરે ધોમ તડકામાં લાલ લાઈટ સમયે ઊભા રહેવાથી તથા મોડીરાત્રિના પણ આના કારણે નૈત્રમ દ્વારા ઈમેમો આવવાની બીકે ઊભા રહેવાથી ભારે મુશ્કેલી ભોગવવી પડે છે. જોકે આ અંગે પોલીસ વિભાગે સ્પષ્ટતા કરી હતી કે શહેરમાં ચોવીસે કલાક ટ્રાફીક નિયમન માટે સિગ્નલ ચાલુ રાખવા માટે હાલમાં માત્ર ટેસ્ટીંગ જ કરી રહ્યા છીએ. એકાદ દિવસમાં નિર્ણય આવશે. જેથી હાલમાં સવારે ૯થી૧ અને સાંજે ૪થી૮ સિવાયના સમયમાં વાહન ચાલકોએ દંડની કાર્યવાહીનો સામનો કરવો પડશે નહીં. આ અંગે કોઈ નિર્ણય લેવાયા બાદ પોલીસ વિભાગ આ અંગેની લોકોને જાણ કરાશે. જોકે શહેરના ઘોઘગેટ ચોકનુ ટ્રાફિક સિગ્નલ માત્ર નામનું જ હોવાનું જણાય છે. જ્યારે હલુરિયા ચોકના ટ્રાફિક સિગ્નલના નિયમનું મોટાભાગના વાહન ચાલકો પાલન કરતા નથી ખાસ કરીને રીક્ષા ચાલકો સિગ્નલ બંધ હોવા છતાં મારી મુકતા હોવાના કારણે અકસમાતનો ભય પણ રહેતો હોવાનું વાહન ચાલકોમા ચર્ચાઈ રહ્યું છે.

# આવતીકાલે રમજાન માસનુ ૨૭મુ હરણીયુ રોઝુ રાખશે મુસ્લીમ બિરાદરો

ભાવનગર તા. ૬

મુસ્લીમ સમાજનો પવિત્ર રમઝાન માસ અંતિમ તબક્કામાં ચાલી રહયો છે આ છેલ્લા તબક્કામાં આજે શનિવારે સૌથી મોટી રાત શબેકદ્રની રાત મનાવવામાં આવશે. તેમજ કાલે રવિવારે સૌથી મોટા રોઝા ૨૭મું રોઝુ જેને હરણીયુ રોઝુ પણ કહેવામાં આવે છે. જેને તમામ મુસ્લીમ સમાજ રાખે છે.

પવિત્ર રમઝાન માસની ૨૬મી રાત કે જે શબેકદ્રની રાત કહેવામાં આવે છે જે આજે તા. ૬ ને શનિવારે મનાવવામાં આવશે. આ રાત્રે પવિત્ર કુંઆન શરીફ નાઝીલ (ઉતરાણ) થયુ છે તેથી આ રાતનું ઘણુ જ મોટુ મહત્વ રહેલુ છે આજે રાત્રે મુસ્લીમ બિરાદરો આખી રાત ફરજ તથા નિફલ નમાઝ પઢશે પવિત્ર કુંઆનશરીફનું વાંચન કરશે જકાત, ખૈરાત, યતીમ, મિસ્કીન, વિધવાઓને આર્થિક મદદ, બિમારને જોવા જવુ, સહિતના સત્કાર્યો છે. આ શબેકદ્રના બીજા દિવસે ૨૭ મું રોઝુ આવે છે જે આવતીકાલે રવિવારે આવશે.આ રોઝાને હરણીયુ રોઝુ પણ કહેવામાં આવે છે.

# ધો.૧ થી ૧૨માં શિક્ષણથી વંચિત રહેલા બાળકોનો સર્વે હાથ ધરાયો

સમગ્ર શિક્ષા અંતર્ગત ધોરણ- ૧ થી ૧૨ સુધી શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોની સર્વેની કામગીરી તા.૧ એપ્રિલ થી ૧૭ મે ૨૦૨૪ સુધી હાથ ધરવામાં આવશે. શાળા બહારનાં બાળકો (દિવ્યાંગ સહિત) કે જે કદી શાળાએ ગયેલ નથી કે વચ્ચે થી અભ્યાસ છોડી દીધેલ હોય તેવા ૬ થી ૧૯ વર્ષનાં બાળકોનો સર્વે થશે. રેલ્વે સ્ટેશન, ઝુપડપટ્ટી વિસ્તાર, સ્લમ એરિયા, પછાત વિસ્તાર, જંગલ વિસ્તાર, બેટ વિસ્તારો, છુટા છવાયા પહાડી વિસ્તાર, ધાર્મિક સ્થળો, સિનેમા ઘરોની આસપાસના વિસ્તારો, કે અન્ય વિસ્તારમાં રહેતા બાળકોની માહિતી નજીકની સરકારી પ્રા. શાળા, સી.આ.સી., બી.આર.સી. ભવન કે સમગ્ર શિક્ષા જિલ્લા કચેરીને જાણ કરવા અનુરોધ કરાયો છે.

# ચોગઠમાં આગામી ૯મીથી યોજાશે ભાગવત સપ્તાહ

ચોગઠમાં આગામી મંગળવારથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ આયોજન થયેલ છે. 'વૃંદાવન ધામ' ચોગઠમાં ત્રિવેદી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ આયોજન થયેલ છે. ગૌરીશંકરભાઈ ત્રિવેદી વ્યાસાસને બિરાજશે અને સંગીતમય શૈલી સાથે કથા રસપાન કરાવશે. આગામી મંગળવાર તા.૯થી સોમવાર તા.૧૫ દરમિયાન આ કથામાં સંતો મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહેનાર છે.

# ધરમપુરના ગાઢ જંગલમાં મોરારિબાપુ કરશે ચૈત્રી નવરાત્રિમાં રામ કથા ગાન

## વનવાસીઓની વચ્ચે મોરારિબાપુ ૯મીથી કરશે રામકથા



ભાવનગર, તા.૬

આગામી તારીખ ૯ એપ્રિલથી પુરાણ પ્રસિદ્ધ ધરમપુરના ગાઢ જંગલ મધ્યે વસેલા વનવાસીઓના ગામ ખાંડામાં પૂજ્ય બાપુ રામકથાનું ગાન આરંભી રહ્યા છે. આ અગાઉ ડાંગના સુપ્રસિદ્ધ પર્યટન સ્થળ સાપુતારા ખાતે પૂજ્ય મોરારીબાપુએ "માનસ પિતૃદેવો ભવ" (કથા ક્રમ - ૮૧૭ ) રામકથાનું ગાન કર્યું હતું. એ પછી લગભગ સાત વર્ષના સમયગાળા બાદ ફરી એક વખત આ વિસ્તારમાં પધારી રહ્યા છે. આ પ્રસંગે સમગ્ર ધરમપુર અને કપરાડાના વન-વગડાના ગામોમાં વસનારા વનવાસી ભાઈ બહેનો દ્વારા પ્રભુ રામની કથા અને પૂ. મોરારીબાપુની આતુરતાથી રાહ જોવાઈ રહી છે.

ધરમપુર- વાંસદા ઈએસએચ-૫ ના આંબા તલાટ ફાટકથી સાત કિલોમીટર પૂર્વમાં ખાંડા નામનું આદિવાસી વસ્તીનું નાનકડુ ગામડું છે, જ્યાં ભૌતિક સુખ સુવિધાઓ ઘણી ઓછી છે અને અછત તેમ જ અભાવની ભરમાર છે. પરંતુ રામકથાના આયોજનના લીધે આ વિસ્તારની કાયાપલટ થઈ રહી છે. તેથી ખાંડાના સ્થાનિક નિવાસીઓમાં કથા માટે અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ગામના પાંચેક એકરના ખેતરમાં ભવ્ય રામકથા પંડાલ ઉભો કરવામાં આવ્યો છે, જેની પશ્ચિમે હજારો શ્રોતાઓ માટે પ્રસાદ ઘર બનાવાયું છે.

પૂજ્ય બાપુનો ઉતારો ત્રણેક કિલોમીટર દૂર ખોરી ફળિયામાં નાનકડી વાડીમાં છે. અહીં પૂજ્ય બાપુના નવ દિવસીય વનવાસ માટે કુટિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. બાપુને ગમતા નૈસર્ગિક સુંદર વાતાવરણમાં તેઓ આ દિવસો દરમિયાન બિરાજશે. કથા શ્રવણ માટે પધારેલા શ્રોતાઓ માટે ધરમપુર ખાતે, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ તેમ જ સદ્‌ગુરુ ધામમાં નિવાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રામકથા સ્થળે આવવા માટે વાંસદા તરફથી આવનારા ખાનપુર ચોકડી પાસે ડાબેથી સીધા આવી શકશે. બરુમાળથી પણ વાયા લુહેરી સાવરમાળ થઈને આવી શકાશે. મહારાષ્ટ્રની સરહદથી બોપી હનમતમાળ વિગેરે ૩૦ થી વધુ ગામના નિવાસી ભાઈ બહેનો કથા શ્રવણ માટે પધારશે. એમના આવાગમન માટે વાહન વ્યવસ્થા પણ કરવામાં આવશે. કથા દરમિયાન લોકોના મનોરંજન માટે અહીં ભવ્ય લોકમેળો પણ યોજાવાનો છે.

અયોધ્યા ખાતેની રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સંદર્ભની કથા "માનસ રામ મંદિર" પછી સમગ્ર વિશ્વમાં ભગવાન રામ પ્રત્યેની લોકોની આસ્થામાં જાણે કે અનંતગણો વધારો થયો છે. એવી જ ધર્મ પ્રેમની ભાવના ધરમપુર વિસ્તારમાં પણ અત્યારે પ્રકટેલી જણાય છે. હાલમાં જ કચ્છ ખાતે વિરામ લીધેલ "માનસ મનોરથ" કથા દરમિયાન પૂજ્ય બાપુએ કચ્છ જિલ્લાના તમામ ગામોમાં ઘર ઘરમાં ભગવાન રામજીની તસવીર લગાવડાવી છે. હવે આ સમગ્ર આદિવાસી વિસ્તાર પણ પૂ.બાપુ દ્વારા રામમય બનશે.

ખાંડાની રામકથાનું આયોજન સુપેરે સંપન્ન કરવા માટે બારડોલી સ્વરાજ આશ્રમના સંચાલક નિરંજનાબેનના સુપુત્રી ડૉ. પ્રજ્ઞા કલાર્થી સાથે ખાંડા ગામના સરપંચ જેસિંગભાઈ, ઉપસરપંચ પ્રકાશભાઈ, શિક્ષક વિષ્ણુભાઈ રામભાઈ, ઉત્તમભાઈ, બિસ્તુભાઈ સાથે મહુવાના પરેશભાઈ ફાફડાવાળા, નરેન્દ્ર અને શૈલેન્દ્ર વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.

આ રામકથા દરમિયાન ખાંડા ગામની રામટેકરી ખાતે નિર્માણ પામેલ નાનકડા છતાં સુંદર એવા રામજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પણ કથાના છેલ્લા દિવસોમાં થશે. એ વખતે યજ્ઞનું આયોજન છે, જેમાં બાપુ સહુને વિશેષ આશીર્વાદ પાઠવશે. કથા નિમિત્તે દરેક ઘરે વનવાસીઓને રામચરિત્ માનસ અને શ્રીમદ્ ભગવદ ગીતાના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું છે. બંને પુસ્તકની પ્રત અહીંના નવનિર્મિત રામજી- મંદિરમાં મૂકવામાં આવી છે. પૂજ્ય મોરારીબાપુના કંઠે જ્યારે મધુર મંગલ રામકથાનું ગાન આરંભાશે ત્યારે રામાયણના સમયમાં દંડકારણ્ય તરીકે ઓળખાતા ધરમપુરનું આ રમણીય જંગલ, મંગલમય દિવ્ય અનુભૂતિનું સ્થાન બની જશે.

# વિકળિયા ગામે મંગળવારથી શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ

## વિશ્વાનંદ માતાજીના વ્યાસાસને આયોજન

ભાવનગર,તા.૬

વિકળિયા ગામે આગામી મંગળવારથી શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ આયોજન થયું છે. શિવકુંજ આશ્રમ જાળિયાનાં વિશ્વાનંદ માતાજીના વ્યાસાસને વિકળિયા ગામે ભાથીજી મંદિર ખાતે આગામી મંગળવારથી શ્રીમદ્ દેવી ભાગવત સપ્તાહ આયોજન થયું છે. મંગળવાર તા.૯થી બુધવાર તા.૧૭ દરમિયાન મહંત પ્રવિણબાપુ સાથે સમસ્ત વિકળિયા ગામનાં આયોજનમાં આ કથામાં વિવિધ પ્રસંગો ભાવ ઉત્સાહથી ઉજવવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## મતદાતા સર્વોપરી છે

આ દેશમાં કોઈ નેતા કોઈ અભિનેતા કે કોઈ મહાન માનવી સર્વોપરી નથી લોકશાહીમાં જો કોઈ સર્વોપરી હોય તો તે મતદાતા છે ગરીબમાં ગરીબ માણસ પાસે પણ મતદાનની શક્તિ છે અને શક્તિ થકી તે રાષ્ટ્ર ની સર્વોત્તમ કાર્ય કરી શકે તેમ છે મતદાતા ગરીબ નથી મતદાતા પાસે પાવર છે માત્ર પરિવાર સમાજ રાજ્ય કે રાષ્ટ્રને લીડ કરાવવાની તાકાત હોય છે પરંતુ તે ભૂલી જાય છે અને પરિણામે વામણાઓ સત્તાના સિંહાસન પર બિરાજમાન થઈ જાય છે કટર ઈમાનદાર લોકો આજે સળીયા પાછળ છે. અન્ના હજારે જેવા લોકો હાસ્યામાં ધકેલાઈ જાય છે. અને સત્તાના સિંહાસન પર તેના શિષ્ય બિરાજમાન થઈ જાય છે. આ લોકો એટલા માટે જીતે છે કે તેમની પાસે નેતૃત્વની કળા છે.

ભારત વિશાળ લોકશાહી દેશ છે. લોકશાહીની સફળતા જે તે દેશ કે પ્રાંતમાં તેના સંચાલકો નેતૃત્વવર્ગ ઉપર જ નિર્ભર છે. જે ક્યાંય ન ચાલે તે તદ્દન ખોટો સિક્કો આપણે સત્તાના સિંહાસન બેસાડીએ છીએ.

એટલું જ નહિ ચલાવીએ છીએ. નેતા કે નેતૃત્વ વિશે ન તો આપણા અમુક નેતાઓને કંઈ સમજ છે કે ન તો તેને ચૂંટી કાઢનારી જનતાને. નેતૃત્વ કલા એટલે શું? નેતા એક એવો કલાકાર છે જેને નમસ્કાર કરતાં આવડે, હાથ જોડતા આવડે કે હા જી હાનાં મસ્કા મારતા આવડે. ચૂંટણીમાં મોટા મોટા વચનો દેતાં આવડે એટલે આપણા નેતાની મત મેળવવાની ક્ષમતા વધી ગઇ ગણાય. આપણે હોંશેહોંશે આ નેતાને ઊંચકીને આપણા માથે મૂકીએ છીએ. અને જે પોતાનું ઘર સંભાળી શકતો ન હોય તેને સારા રાજ્ય કે દેશની જવાબદારી સામે ચાલીને સ્વીકારી છે.

પોતાની જાતને સો ટકા પ્રમાણિક ગણાવતા લોકો જ રાજ્ય, દેશ કે સ્થાનિક વિકાસને રુંધી નાખે છે અને આપણે હાથે જ આપણી વિકાસની કબર ખોદી આવા તદ્દન બિનલાયક વ્યકિતઓની ઉપર આંધળો વિશ્વાસ મૂકી રાષ્ટ્રની ગરિમાને નુકસાન કરીએ છીએ. લોકશાહી દેશમાં જેણે નેતા બનવું હોય તેમણે નેતૃત્વ શકિત ખીલવવી રહી, અને જેની પાસે 'મતદાતા' તરીકેના પાવર છે, તેમણે યોગ્ય નેતાની પરખ-નેતાની લાયકાતો વગેરેથી માહિતગાર બની સાચા સ્વરૂપે ખરા સેવાધારી, યોગ્ય લાયક અને સક્ષમ નેતૃત્વશકિત પુરબહારમાં જેની ખીલેલી હોય તેવી જ વ્યકિત ઉપર મહોર મારવી જોઈએ. તો જ તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થઈ શકે અને આપણે અને આપણી ભાવી પેઢી તે લોકશાહીના અમૃતફળ આપી શકીએ.

# મહારાજા શ્રીતખ્તસિંહજીના સમયના જાહેરકામો



### પુલનું નામ આપવામાં આવ્યું કૈસરે હિન્દ પુલ રાણી વિકટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમની કદર કરી તેમને એલ.એલ.ડી.ની પદવી એનાયત કરી હતી

**ભાવનગર ૩૦૦**

**- બળદેવસિંહ ગોહિલ**

ઇ.સ.૧૮૬૫ સુધી કાઠિયાવાડમાં એક પણ પાકોરસ્તો બંધાયો નહોતો. ધુળીયા રસ્તાઓ હતા. નદીઓ ઉપર પુલો નહોતા. કાઠિયાવાડ-સૌરાષ્ટ્રમાં આવવા માટે બે મુખ્ય માર્ગ હતાં. એક દરિયામાર્ગે—ઘોઘા-મહુવા-ઉના-પ્રભાસ-માંગરોળ-પોરબંદર-દ્વારિકાનો હતો અને બીજો ધોરીમાર્ગ વઢવાણ-સાયલા-ભાડલા-સરધાર-રાજકોટ-જેતપુર થઈ જૂનાગઢનો હતો. તે પણ કાચો. ઇ.સ.૧૮૬૫માં તે વખતના પોલિટિક્લ એજંટ કર્નલ કીટીંજની રાહબરી નીચે રસ્તાઓ વ્યવસ્થિત બાંધવાની શરૂઆત થઈ હતી. સૌથી વધારે અને સારા રસ્તાઓ અને કામો ભાવનગર રાજયમાં થયા હતા.

ભાવનગર શહેર અને મહાલોમાં મુખ્ય ગામોમાં વસ્તી અને વિસ્તાર વધવાની સાથે માણસો અને માલની અવરજવર વધી જતાં, જયાં જરૂર પડી ત્યાં આસપાસની દુકાનો-મકાનોને વળતર આપી રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા હતા. ભાવનગરમાં આંબાચોક તથા લાતીવાળા ભાગમાં ભયંકર આગ લાગેલી. ત્યાં વળતર આપી કેટલાક મકાનો પડાવી સાંકડા અને ગીચ વિસ્તારમાં રસ્તાઓ પહોળા કરવામાં આવ્યા. ઉપરાંત ગામોને તથા મહાલોને ભાવનગર સાથે જોડતા રસ્તાઓ બાંધવામાં આવ્યા. પ્રજાસુખાકારી માટે દવાખાના, મુસાફરી બંગલા, ધર્મશાળાઓ, કુવાઓ વગેરે બાંધવામાં આવ્યા. ભાવનગર શહેરની વસ્તી વધતાં શહેરની બહાર પરાઓ વસી જતાં ગઢની દીવાલો તોડી પ્રજાને અવરજવારની સરળતા કરી આપી હતી. ભાવનગર બંદરની સુધારણા કરવા માટે કેટલાક બાંધકામો હાથ ધરી સ્ટીમરો છેક ડેક સુધી આવી શકે તેવો પ્રબંધ કરાયો હતો. ભાવનગર રાજયના ઇજનેર મિ. પ્રોક્ટર સિમ્સ હતા. તેમણે તખ્તસિંહજીની બાંધકામની ઇચ્છાને ધ્યાને રાખી આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું હતું. પ્રજાની સુખાકારી માટેના તથા રાજયને રમણીય બનાવવાના અનેક બાંધકામો હોશભેર કર્યા હતા. રાજયે પીપાવાવ પાસે "વિક્ટર પોર્ટ" બાંધવાનું નક્કી કર્યું ત્યારે ત્યાં પોર્ટના ડેક, ગોડાઉન, રસ્તાઓ, ઓફિસો, પાણીની લાઇન, રેલ્વે લાઇન વગેરેના બાંધકામમાં ઈજનેરશ્રી સિમ્સે ખૂબ રસ લીધો હતો. તખ્તસિંહજીના રાજયકાળ પછી ભાવસિંહજીના સમયે છેક ઇ.સ. ૧૯૦૦ સુધી આ કામો ચાલ્યા હતા. વિકટર પોર્ટ જાહેર બાંધકામોના શિલ્પી એવા શ્રી સિમ્સ કોલેરાથી પોર્ટમાં જ અવસાન પામ્યા હતા.

ઇ.સ. ૧૮૭૭માં ઇંગ્લાન્ડના રાણી વિક્ટોરિયાને કૈસર-એ-હિન્દ (હિંદની સામ્રાજ્ઞી)નું બિરુદ આપવામાં આવ્યું. ત્યારે દિલ્હીમાં વાઈસરોય લોર્ડ લીટને ભવ્ય દરબાર ભર્યો હતો. આ પ્રસંગની સ્મૃતિમાં બ્રિટિશ સત્તા પ્રત્યેના પોતાના મૈત્રીભાવને દર્શાવવા તખ્તસિંહજીએ રાજકોટમાં આજી નદી ઉપર પુલ બાંધવા માટે રૂપિયા ૧,૧૪,૦૦૦ આપ્યા હતા. પુલનું નામ કૈસરે હિન્દ પુલ આપવામાં આવ્યું. જે આજે રાજકોટથી અમદાવાદ જવા માટેના મુખ્ય માર્ગ ઉપર આવેલો છે. જે માણસો અને વાહન વ્યવહારથી ધમધમે છે. તખ્તસિંહજી તો ભાવનગરના રાજયકર્તા હોવા છતા રાજકોટમાં બે મહત્વના બાંધકામો માટે તેમણે ખર્ચ આપ્યો હતો. (૧) રાજકુમાર કોલેજમાં એક વિંગ બાંધવા માટે રૂપિયા એક લાખ અને (૨) કૈસરે હિન્દ પુલ બાંધવા માટે રૂપિયા ૧લાખ ૧૪હજાર, આ બંને બાંધકામોનું ઉદઘાટન ૧૯-૮-૧૮૭૯ના કાઠિયાવાડના પોલિટિક્લ એજંટ કર્નલ બાર્ટનના હસ્તે થયું હતું. (લોકમુખે ચર્ચાય છે કે તખ્તસિંહજી રાજકુમાર કોલેજના ટ્રસ્ટી હોવાને નાતે રાજકોટ મિટિંગમાં ગયા હતા. તે પહોચ્યા ત્યારે આજી નદી ઉપર પુલ બાંધવા માટે રકમ નોધવા એક કાગળ ફરતો હતો તેમાં સૌ રાજાઓએ પોતાની રીતે પોતે આપવા માગતા હોય તે રકમ લખવાની હતી. તખ્તસિંહજીએ પુછ્યું ત્યારે જણાવવામાં આવ્યું કે રાજકોટની આજી નદી ઉપર પુલ બાંધવાની જરૂર છે. આપણે રાજકોટ આવવામાટે આડચણ થાય છે. તખ્તસિંહજીએ પોતાના હાથમાં કાગળ આવતા ફાડી નાખ્યો અને નમ્રભાવે કહ્યું આ રાજા-મહારાજાઓની બેઠક છે તેમાં આવા ફંડ ફાળા કરવાના ન હોય. નદી ઉપરનો પુલ ભાવનગર બાંધાવી આપશે.) તે ઉપરાંત જૂન ૧૮૮૩માં તખ્તસિંહજીએ ઇંગ્લેન્ડના નોર્થબૂકના કલ્બના ફંડમાં એક લાખ રૂપિયા આપ્યા હતા.

ઈંગ્લેન્ડના રાણી કૈસર હિન્દ વિક્ટોરિયાના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર ઇ.સ.૧૮૯૦માં ભારતની મુલાકાતે આવ્યા હતા. ત્યારે તેમને ભાવનગરની મુલાકાત લેવાનું નિમત્રણ તખ્તસિંહજીએ આપ્યું હતું. નિમંત્રણ સ્વીકારીને આલ્બર્ટ ભાવનગર આવ્યા ત્યારે તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. ભાવનગર રાજયની આ મુલાકાતની સ્મૃતિરૂપે રાજુલા નજીક પીપાવાવ ગામ પાસેની ખાડી ઉપર એક નવું બંદર ખોલવાનું અને તેનું નામ "પ્રિન્સ આલ્બર્ટ વિક્ટર પોર્ટ" રાખવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જો કે તેનું ખાતમુહૂર્ત તખ્તસિંહજીના પુત્ર ભાવસિંહજી બીજાના કાર્યકાળ દરમિયાન ૨૬-૦૩-૧૮૯૦ના રોજ થઈ શક્યું હતું.

મહારાજા તખ્તસિંહજી ધર્મિષ્ઠ રાજવી હતાં. તેમના સમયમાં જાહેર બાંધકામ ખાતાએ કરેલી કામગીરી પ્રશંસનીય રહી હતી. તેમના સમયમાં કેટલાક નવા દેવાલયો બંધાયા હતાં. જેમાં ઇ.સ.૧૮૯૩માં તેમના નામ ઉપરથી બાંધવામાં આવેલું ટેકરી ઉપરનું તખ્તેશ્વર મહાદેવનું મંદિર જેનો ટૂક ઇતિહાસ આ પ્રમાણે છે. (તખ્તેશ્વર મહાદેવ મંદિર)

સદીઓ પહેલા ભાવનગરમાં એક ઘટના બનેલી. ઝૂંઝા ભરવાડની ગાયો જતલોકો હાંકી ગયા. ઝપા ઝપી માં ઝૂંઝો ભરવાડ મરાયો. આ દ્રશ્ય જોઈને ભરવાડણ કકળતી આંતરડીએ બોલી જતડાઓ ભાગવું હોય તેટલું ભાગજો તમે ભાવનગરનું પાદર નહીં વટી શકો. ગાયો ભગાડી જવાના સમાચાર વડવા ગામના જાડેજા રાજપૂતોને મળ્યા. તેઓ ગૌરક્ષામાટે તૈયાર થયા. બીજા લોકોએ કહ્યું ગાયો ભરવાડની છે. તમે શામાટે મરવા જાઓ છો? જાડેજાઓએ કહ્યું અમારા પૂર્વજોએ બ્રાહ્મણ, ગાયો, અબળાઓ માટે માથા આપેલા છે. અમે પણ માથા આપીશું ગાયોને બચાવીશું. ઝતોને આગળ જતાં પડકાર્યા. કેટલાક જાડેજા અને ઝતો સામસામાં ધીંગાણામાં મરાયા. ગાયો છોડાવી. ઝૂંઝાને અગ્નિસંસ્કાર દેવાની તૈયારીઓ થતી હતી ત્યારે તેની પત્ની બોલી ઝૂંઝાને અન્ય જગ્યાએ લઈ જવાને બદલે અહી ચિતા ખડકાવો. અમે બંને એક સાથે સ્વર્ગે જઈશું. કોઈએ કહ્યું તારે શામાટે મરવું. તૂતો નાતરું કરી શકીશ. બાઈ બોલી ઝૂંઝો શૂરવીરતાથી મર્યો છે, મારે તેને સંગાથ આપવો છે. તાડીકાની ધાર ઉપર અગ્નિદાહ દેવાયો. પ્રશ્નોરા બ્રાહમણ બોર્ડિંગ પાસે ઝૂંઝા ભરવાડ, ભરવાડણનો અને બાજુમાં ગાયનો પાળિયો આવેલો છે. ગાયો માટે બલિદાન આપનારા ૧૮ જાડેજા રાજપૂતો કામ આવેલા તેના પાળીયા અનંતવાડી વિસ્તારમાં આવેલા છે. તાડીકાનીધાર તરીકે ઓળખાતી ધારપર તોપ રાખવામાં આવેલ. બોપોરે ૧૨કલાકે તે તોપ ફોડવામાં આવતી જેનાથી લોકોને સમયનો ખ્યાલ આવતો. આ ધારપર ઈ.સ. ૧૮૯૩માં મંદિર બંધાવવામાં આવ્યું. જેનું નામ તખ્તેશ્વર રાખવામાં આવ્યું. આ મંદિરના બાંધકામની જવાબદારી એન્જીનીયર મી.પ્રોક્ટર સીમ્સને સોપવામાં આવેલ હતી. મી. સીમ્સ ખુબજ ઉત્સાહિ અને કાર્યનિષ્ઠ વ્યક્તિ હતા. તેમણે ખુબજ વફાદારીથી જવાબદારી નિભાવેલ.

ભલું ભલું ભાવેણું શહેર, દરિયો ગાજે છે,
ત્યાં તખ્તેશ્વર મહાદેવ, જટામાં ગંગા છે.

મહારાજા તખ્તસિંહજીને ઇ.સ.૧૮૭૭માં જી.સી.એસ.આઈ. નો ખિતાબ મળ્યા પછી તખ્તસિંહજીને ઇંગ્લેન્ડની મુલાકાત લેવાની તથા ત્યાના રાણી વિકટોરિયાને મળવાની ઈચ્છા હતી. તેવામાં જ તેમને ઈંગ્લેન્ડ આવવાનું નિમંત્રણ મળતા તેઓ ઇ.સ. ૧૮૯૩-૯૪માં ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા. તેમની સાથે ડોક્ટર બરજોરજી બહેરામજી ગયા હતા, મહારાણી વિકટોરિયાએ તખ્તસિંહજીના વિદ્યાપ્રેમ અને સંસ્કારીતાની કદર કરી તેમને એલ.એલ.ડી. (ડોક્ટર ઓફ લોઝ)ની માનદ પડાવી એનાયત કરી હતી. તત્કાલીન સમયમાં આવી ડિગ્રી બહુજૂજ વ્યકિતઓને જ અપાતી. આમ મહારાણી વિકટોરીયાની રૂબરૂ મુલાકાતનું તથા એલ.એલ.ડી.ની માનદ પદવી મેળવવાનું બેવડું બહુમાન મેળવનાર તખ્તસિંહજી ભારત પાછા ફર્યા ત્યારે મુંબઇમાં તેમનું સન્માન અને સત્કાર કરવા માટે એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. ઉપરાંત તખ્તસિંહજીએ મહારાણીની રૂબરૂ મુલાકાત લઈ તેમના પ્રત્યે પોતાના આદર અને સ્નેહ દર્શાવ્યા તે બદલ મહારાણીએ પ્રસન્ન થઈ તેમણે સ્વહસ્તે લખેલો પત્ર તથા પોતાનો હીરાજડિત ફોટો તેમને ભેટરૂપે મોકલ્યા હતા.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** તમારો ખોવાયેલો આત્મવિશ્વાસ અને ઊર્જા આ અઠવાડિયામાં ફરી પાછા ફરશે. પરિણામે, જો તમને પહેલાં કોઈ નિર્ણય લેવામાં મુશ્કેલી આવી રહી હતી, તો તે પણ હવે દૂર થઈ જશે અને તમે તમારી સમજણ બતાવીને, યોગ્ય નિર્ણય લઈ શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે ધંધામાં સારો નફો મેળવી શકો, જેથી તમે કોઈ મોટા પૈસા કમાવામાં સફળ થઈ શકો. પરંતુ પૈસાની ઝગઝગાટ સામે, તમારે થોડી કાળજી લેવાની જરૂર રહેશે. આવી ઉતાવળમાં, પૈસાથી સંબંધિત કોઈ નિર્ણય ન લો. ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરતી વખતે, તમારે થોડો સમય કાડીને, યોગ્ય રીતે વિચારવાની જરૂર રહેશે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. પ્રેમની દ્રષ્ટિએ, તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું સામાન્ય કરતા સારું રહેશે. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે આ રાશિના તે મૂળના લોકો પ્રેમની અનુભૂતિથી અસ્પૃશ્ય હતા, તેઓને આ સમયે કંઈક ખાસ મળી શકે છે.

**વૃષભ - (બ, વ, ઉ)** અઠવાડિયે, તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થવાની સંભાવના છે, તેથી યોગથી શરૂ કરો અને શરૂઆતથી જ તમારા રોજિંદામાં કસરત કરો. કારણ કે તમારી સાવચેતી તમારા માટે વધુ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે. જો પૈસા કે જમીન સંબંધિત કોઈ બાબત કોર્ટમાં સસ્પેન્ડ કરવામાં આવી હતી, તો આ અઠવાડિયે, તેનો નિર્ણય તમારા પક્ષમાં આવશે. જેની સાથે તમને માત્ર પૈસા જ નહી મળે, પરંતુ તમારી નબળી આર્થિક સ્થિતિ પણ ઘણી હદ સુધી પાટા પર આવી જશે. સ્વજનો સાથેના તમારા સંબંધોને નવજીવન આપવામાં તમને આ અઠવાડિયે વિશેષ સફળતા મળશે. વળી, ઘરેલુ બાબતો અને લાંબા સમયથી બાકી રહેલા ઘરકામ માટે આ સમય સારો સપ્તાહ સાબિત થશે. જો તમે હજી પણ એકલા હો, અને કોઈ વિશેષની રાહ જોતા હો, તો તમને આ અઠવાડિયે કેટલાક સારા સંકેતો મળી શકે છે. કારણ કે કોઈ અજાણ્યા વ્યક્તિ માટે તમારા જીવનમાં પ્રવેશ કરવો, તમારા હૃદયમાં પ્રેમની ભાવનાઓ ઉગાડવાનું શક્ય છે. તમારી સામાજિક સન્માન વધવાની સંભાવના છે, કારણ કે આ અઠવાડિયા દરમિયાન તમે ઘણી પરોપકારી પ્રવૃત્તિઓમાં સામેલ થશો, જેના પરિણામે તમને કારકિર્દીની પ્રગતિ મળશે. તમારી રાશિના વિદ્યાર્થીઓને આ અઠવાડિયામાં શિક્ષણમાં સારા માર્ક્સ મેળવવા માટે વધુ મહેનત કરવી નહી પડે.

**મિથુન - (ક, છ, ઘ) :-** જો તમે તમારા તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે કર્ણપ્રિયા સંગીતનો આશરો લેવાની જરૂર પડી શકે છે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. તમારા કૌટુંબિક જીવનમાં આ અઠવાડિયે, તમે અન્ય લોકો પાસેથી વધુ અપેક્ષા કરશો. જેના કારણે પરિવારના સભ્યો તમારી સાથે થોડી ત્રાસ અનુભવી શકે છે, આ ફક્ત તમને મુશ્કેલીનું કારણ બનશે. તેથી, શરૂઆતમાં તમારી અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને, કોઈ પણ બાબતે બીજા પર દબાણ ન કરો. જો તમે કોઈને એકપક્ષી રૂપે પ્રેમ કરો છો, તો તમારે આ અઠવાડિયે તેમની સાથે તમારા હૃદયની વાત અથવા તેમની સાથે વધુ બોલવાનું ટાળવું જોઈએ. નહીં તો પ્રેમીની સામે તમે જે કંઈ પણ કરો છો તે ફક્ત તમારા માટે જ કામ કરશે. જે વસ્તુ બનાવતા પહેલા જ બગાડી શકે છે. જે લોકો ભાગીદારીમાં વેપાર કરે છે તેમને સલાહ આપવામાં આવે છે કે આ દરમિયાન જો કંઇક ખોટું થાય તો તમારે બાબતોને સ્પષ્ટ રાખવાની જરૂર છે અથવા બહાર નીકળવાની વ્યૂહરચનાની યોજના કરવાની જરૂર પડી શકે છે, કારણ કે આ અઠવાડિયે ભાગીદારી માટે ફક્ત વધુ ફળદાયી છે. જ્યારે તમે પણ જાતે જ સાબિત થશો. વ્યવસાયમાં વિસ્તરણ કરવાનો પ્રયાસ કરતા જોવામાં આવશે.

**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયામાં કેટલાક કારણોસર, તમારે અચાનક સફર પર જવું પડી શકે છે. આ યાત્રા તમારા માટે ખૂબ જ કંટાળાજનક સાબિત થશે. આવી સ્થિતિમાં, જો શક્ય હોય, તો તમારા માટે વધુ સારું રહેશે કે તમે આ મુસાફરી પાછળથી મુલતવી રાખો. આ અઠવાડિયે અચાનક ભારે નફા સાથે, તમે તમારા નાણાં મોટા નિવેશમાં રોકાણ કરવા વિશે નિર્ણય લઈ શકો છો. પરંતુ અત્યારે તમને સૂચના આપવામાં આવી છે કે ઉતાવળમાં કોઈ રોકાણ ન કરો. કારણ કે શક્ય છે કે જો તમે બધા સંભવિત જોખમોની તપાસ નહીં કરો, તો પછી તમે ભવિષ્યમાં નુકસાન થવાની સંભાવના વધી શકે છે. આ અઠવાડિયે, તમારા પરિવારમાં ઉત્સવપૂર્ણ વાતાવરણ રહેશે અને બધા સભ્યો ખુશ દેખાશે. પરિવારના લોકોની ખુશી જુઓ, તમારા ચહેરા પર સ્મિત પણ આવશે અને તમે પારિવારિક સુખ પ્રાપ્ત કરવામાં સફળ થશો. આ અઠવાડિયે કોઈ પણ ખાસ વ્યક્તિના હૃદય સાથે વાત કરવી તમારા માટે પ્રતિકૂળ સાબિત થઈ શકે છે.

**સિંહ - (મ, ટ) :-**આ અઠવાડિયે કોઈપણ, કોઈપણ સંજોગોમાં, તમને પજવશે અને પજવી શકે છે, તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. આવી સ્થિતિમાં, તમારે જૂની બાબતોને યાદ રાખવી, કોઈ નજીકના અથવા મિત્ર સાથે ન ફસાઇ જવું અને પોતાને અને તમારા મનને શક્ય તેટલું આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે. ગ્રહોની સ્થિતિ અનુસાર, તમારી રાશિના લોકો માટે, આર્થિક દ્રષ્ટિકોણથી, આ અઠવાડિયે સરેરાશ કરતા વધુ સારા પરિણામ સાથે આવવાનું સાબિત થશે. આ ઉપરાંત સમાજમાં તમારી સ્થિતિને મજબૂત કરવા અને સંપત્તિમાં વધારો કરવા માટે, આ સમયે ઘણી અદભૂત તકો પ્રદાન કરવાની સંભાવના છે. આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. આ અઠવાડિયે, તમે તમારા પ્રેમીને તમારા મિત્રો અથવા નજીકના મિત્રો સાથે પરિચય કરવાનું નક્કી કરી શકો છો.

**કન્યા - (પ, ઠ, ણ) :-** આરોગ્યની દ્રષ્ટિએ, સમય ખાસ સારો રહેશે અને તમારા સારા સ્વાસ્થ્યના બળ પર, તમે તમારા પરિવારના સભ્યોની પણ ખૂબ કાળજી લેશો. જેનાથી પરિવારમાં પણ તમારું માન વધે તેવી સંભાવના છે. એકંદરે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સપ્તાહ તમારા માટે સારો રહેશે. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ અઠવાડિયે, તમારું મન દાનના કાર્યમાં વધુ જોડાશે, જેના કારણે તમે તમારા પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમ યોજવાનું પણ નક્કી કરી શકો છો. આની સાથે તમે તેમજ પરિવારના સભ્યો આંતરિક શાંતિનો અનુભવ કરશો અને મનમાં સકારાત્મક વિચારો ઉત્પન્ન થશે. આ અઠવાડિયે, પ્રેમની આગાહી મુજબ, તમારી અને તમારા પ્રેમિકા વચ્ચેની ક્રિયા પ્રતિક્રિયામાં સુધારણા સાબિત થશે. આ સુમેળને લીધે, તમે આ પવિત્ર સંબંધમાં તમને આવતી બધી સમસ્યાઓ દૂર કરી શકશો, અને આ તમને તમારા પ્રેમી સાથે સુંદર સમય પસાર કરવાની તક પણ આપશે.

**તુલા - (ર, ત) :-** આરામ કરવા અને નજીકના મિત્રો અને પરિવાર સાથે ખુશીની થોડી ક્ષણો પસાર કરવા. કારણ કે તે તમારા આરોગ્ય જીવન પર સકારાત્મક અસર થવાની શક્યતાને વધારશે. આ અઠવાડિયે, ધ્યાનમાં રાખો કે, તમને આકર્ષિત કરતી બધી રોકાણ યોજનાઓમાં દોડાદોડ ન કરો, આરામની ઊંડાઈથી જાણવાનો પ્રયાસ કરો. કારણ કે અત્યારે કોઈપણ પગલું ભરવું આર્થિક રીતે નુકસાનકારક હોઈ શકે છે. તેથી, કોઈપણ નિર્ણય પર પહોંચતા પહેલા, નિષ્ણાતની સલાહ લો. આ અઠવાડિયે તમને તમારા જીવનમાં કોઈ સારા સમાચાર મળશે, જેથી તમે આનંદ અને મિત્રો સાથે પાર્ટી કરીને તમારી ખુશીની ઉજવણી કરશો. પરંતુ તે દરમિયાન, દારૂ પીવા અને ઘરે આવવાથી પરિવારના સભ્યો પરેશાન થઈ શકે છે. તેથી આનંદ કરીને તમારી છબીને ઘરે બગાડશો નહીં, અને એવું કાંઈ પણ કરવાનું ટાળો કે જેનાથી પરિવારમાં શરમ આવે. આ અઠવાડિયે આવી ઘણી સંભાવનાઓ હશે, જ્યારે તમને રોમાંસ માટે પૂરતા અને ઘણા શુભ પ્રસંગો મળશે. કારણ કે આ સમય દરમિયાન તમે તમારા પ્રેમી સાથે એકલો સમય વિતાવતા જોશો. પરંતુ આ ફક્ત ટૂંકા સમય માટે જ શક્ય બનશે.

**વૃશ્ચિક - (ન, ય) :-** સ્વાસ્થ્ય માટે ભૂલ ન કરો, તેને કાયમ માટે સાચી માનવાની ભૂલ ન કરો. આવી સ્થિતિમાં, તમારા જીવન અને આરોગ્યનો સન્માન કરો અને સારી રીતભાત અપનાવો. નહિંતર, તમારે ભવિષ્યમાં થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ રાશિના લોકો માટે આ અઠવાડિયું નાણાકીય દ્રષ્ટિએ ખૂબ જ સારી રીતે ચાલવાની અપેક્ષા છે. કારણ કે, ગ્રહોની સ્થિતિ અને દિશા આ સમયે તમારા માટે ખૂબ અનુકૂળ સ્થિતિમાં હોય તેવું લાગે છે. આવા કિસ્સામાં, તમે કોર્ટ સંબંધિત મિલકત અથવા જમીનના કિસ્સામાં પણ સફળતા પ્રાપ્ત કરી શકો છો. પરિવારના નાના સભ્યો સાથે આ અઠવાડિયે સમય વિતાવવો તમારા માટે ખાસ કરીને સારો રહેશે. કારણ કે તેમની સાથે સમય પસાર કરવાથી તમે ખૂબ તાજું અનુભવો છો અને તે જ સમયે, તે તમને તેમના જીવન સાથે સંબંધિત ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાની તક પણ આપશે. આ સમયે તમે તેમને કોઈપણ સમસ્યાથી દૂર કરવામાં સફળ થશો, જેનાથી પરિવારમાં તમારું માન વધશે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયાની શરૂઆત તમારા સ્વાસ્થ્ય જીવન માટે અનુકૂળ હોવાનું કહી શકાય નહીં. જો કે, તે સપ્તાહના અંતમાં સુધારણા જોશે. તેથી અઠવાડિયાની શરૂઆતમાં, આરોગ્ય વિશે વધુ જાગૃત રહેવું વધુ સારું છે. જે ઉદ્યોગપતિઓએ નફો મેળવવા માટે ભૂતકાળમાં સોદો કર્યો હતો, તેઓને આ અઠવાડિયે મોટો શુભ સંકેત મળી શકે છે. કારણ કે શક્ય છે કે તમારો સોદો સફળ થાય, જેથી તમે જલ્દી પૈસા કે નફો મેળવવાની ઘણી સંભાવનાઓ જોઈ શકો. આ અઠવાડિયામાં તમને સુચના આપવામાં આવે છે કે પરિવારના સભ્યો સાથે ચર્ચાના કિસ્સામાં ધીરજ ન ગુમાવો. શક્ય છે કે કોઈ વાતની ચર્ચા કરતી વખતે, તમારા અને સભ્યો વચ્ચેના મંતવ્યો હોઈ શકે, જેના પછી તમારું કુટુંબ નાની બાબત સાથે રાઈનો પર્વત બનાવી શકે. તેથી, જો તમે તેમને તક ન આપો, તો પછી આ મામલો પોતે જ હલ થઈ શકે છે. લવ કુંડળી મુજબ આ અઠવાડિયે તમારી વચ્ચે પરસ્પર સમજણ ખૂબ સારી રહેશે અને તમે એકબીજાને સારી ભેટો પણ આપશો. તમે ક્યાંક લાંબી ડ્રાઇવ પર ફરવા પણ જઈ શકો છો.

**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયામાં તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પણ જોવા મળશે. આ અઠવાડિયે તમારા માતાપિતાની સહાયથી તમે તમારા ભૂતકાળના કોઈ પણ આર્થિક સંકટમાંથી બહાર નીકળવામાં સમર્થ હશો. જેના કારણે તમે ફક્ત તમારી માનસિક તણાવથી છૂટકારો મેળવશો નહીં, પરંતુ તમારી સ્થિતિ સુધાર્યા પછી તમે યોગ્ય દિશામાં તમારા પ્રયત્નો કરવામાં પણ સફળ થશો. આ અઠવાડિયે શક્ય છે કે પરિવારમાં અન્ય સભ્યો વચ્ચે પારિવારિક ઝઘડો થઈ શકે છે, જેના કારણે કૌટુંબિક શાંતિ પણ ખલેલ પહોંચાડી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમને સૂચના આપવામાં આવે છે કે અન્યની બાબતમાં દખલ ન કરો, નહીં તો તમે તેમના વિવાદમાં ફસાઈ શકો છો. તમારી રાશિના પ્રેમીઓ પ્રકૃતિ દ્વારા જુસ્સાદાર અને સંભાળ રાખે છે. આ જ કારણ છે કે તેઓ એક સફળ પ્રેમી બની શકે છે અને આ રીતે આ અઠવાડિયામાં પ્રેમીઓ તેમના પ્રેમી પાસેથી સાંભળશે. કારણ કે આ સમય દરમિયાન તેઓ તમારી સંભાળ લેતા જોવા મળશે.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. તે સારી રીતે સમજી શકાય છે કે તમારી રાશિ સાઇનના લગભગ તમામ વતની, કે જ્યારે પણ તેઓ સખત મહેનત કરે છે અને સાચી દિશામાં પ્રયાસ કરે છે, ત્યારે તેઓને કદાચ સારો નાણાકીય લાભ મળે છે. તમારી વિચારસરણીમાં સકારાત્મકતા લાવવા અને તમારા પ્રયત્નોને તે જ દિશામાં મૂકવા માટે તમારે આ અઠવાડિયામાં કંઈક આવું જ કરવાની જરૂર પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે યોગ્ય તકોનો લાભ લઈને પૈસા કમાવવા માટે સક્ષમ હશો. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. પ્રેમીઓ માટે આ સારો સમય નથી. કારણ કે તમારા સાથીને આ સમયે તમારી સાથે વાતચીત કરવામાં અસ્વસ્થતા અનુભવાય છે.

**મીન-(દ, ચ, ઝ, થ) :-**આ અઠવાડિયે તમે ઘણા ગુપ્ત ો તો અને સંપર્કોથી સારી કમાણી કરશો. પરંતુ આ સમય દરમિયાન તમારા ઘરના ખર્ચમાં વધારો તમારા માટે બચત વધારે મુશ્કેલ બનાવશે. તેથી તમારા માટે વધુ સારું રહેશે કે તમે તમારા વધારાના પૈસા સુરક્ષિત સ્થળે રાખો અને ફક્ત ખરાબ સ્થિતિમાં જ તેનો ઉપયોગ કરો. આ અઠવાડિયે ક્ષેત્રમાં વધારે કામ કરવાથી તમે પારિવારિક સુખથી વંચિત રહી શકો છો. જો કે, જો તમે તમારા માનસિક તાણથી છૂટકારો મેળવવા માંગતા હો, તો તમારે ઘરના સભ્યો સાથે થોડો સમય પસાર કરવો પડશે. તો કાંઈ પણ કામ કરીને તમારો સમય ઘરના લોકોને આપો. આ અઠવાડિયે, પ્રેમમાં પડતા આ રાશિના લોકોના જીવનમાં એક સુંદર વારો આવી શકે છે. તમે સમજી શકો છો કે તમારો લવમેટ તમારા માટે કેટલો મહત્વપૂર્ણ છે અને આ અનુભૂતિ દ્વારા તમે તેમને તમારા જીવનસાથી બનાવવાની સંપૂર્ણ યોજના બનાવી શકો છો. તમે તમારા પ્રિયજન સાથે પાર્ટીમાં ભાગ લઈ શકો છો. આ સમયે, તમારે તમારા કાર્ય અને પ્રાથમિકતાઓ પર વધુ ધ્યાન આપવાની જરૂર રહેશે. કારણ કે આ સમયે તમારી કાર્યક્ષમતા અને રચનાત્મકતા વિસ્તરશે. આવી સ્થિતિમાં, તેનો યોગ્ય લાભ લઇને, દરેક તકમાંથી તમારી કારકિર્દી નક્કી કરો. જો તમે કોઈ સારી અને મોટી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ઘરેથી ભાગવાનું વિચારતા હતા, તો આ સમયે સંભાવના થોડી વધુ અનુકૂળ લાગે છે. તેથી આ માટે, ઘણા વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોનો ટેકો લેવાની જરૂર રહેશે. જો કે, આ સમય દરમ્યાન કોઈપણ કારણોને લીધે શોર્ટ-કટ લેવાનું ટાળો, નહીં તો તમારે જીવનભર પસ્તાવો કરવો પડી શકે છે.

# લોકોમાં સૂર્યગ્રહણ જોવાનો ક્રેઝ કેનેડામાં લાખોની ભીડ ઉમટશે

## ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત

પ્રાંત

કેનેડાના ઓન્ટારિયો પ્રાંતનો નાયગ્રા પ્રદેશ સૂર્યગ્રહણ જોવા આવતા લોકોનું સ્વાગત કરવામાં વ્યસ્ત છે. આ સમયગાળા દરમિયાન અહીં ૧૦ લાખથી વધુ પ્રવાસીઓ આવવાની આશા છે. ૮ એપ્રિલે પૂર્ણ સૂર્યગ્રહણ થશે. કેનેડાના આ પ્રાંતમાં ૧૯૭૯ પછી આ પહેલું સૂર્યગ્રહણ હશે. નાયગ્રા ધોધને 'નેશનલ જિયોગ્રાફિક' ચેનલ દ્વારા સૂર્યગ્રહણ જોવા માટે શ્રેષ્ઠ સ્થળોમાંનું એક જાહેર કરવામાં આવ્યું છે.

નાયગ્રા ધોધના મેયર જિમ ડાયોડાટીએ માર્ચની શરૂઆતમાં જણાવ્યું હતું કે તેમને અપેક્ષા છે કે સૂર્યગ્રહણ દરમિયાન શહેરમાં એક જ દિવસમાં સૌથી વધુ પ્રવાસીઓ જોવા મળશે. નાયગ્રાની સ્થાનિક સંસ્થાએ પણ આ અંગે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ગંભીર ટ્રાફિક જામ, ઈમરજન્સી સેવાઓની ભારે માગ અને મોબાઈલ ફોન નેટવર્કની સમસ્યાઓને કારણે ગુરુવારે એક દિવસ માટે કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. સંપૂર્ણ સૂર્યગ્રહણ ઉત્તર અમેરિકા, મેક્સિકો, અમેરિકા અને કેનેડામાંથી પસાર થશે.

# ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદીમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કર્યો : રેણુકા જગતિયાની એન્ટ્રી

વોશિંગ્ટન,

ફોર્બ્સે ભારતીય અબજોપતિઓની યાદી જાહેર કરી છે અને તેમાં ૨૫ નવી હસ્તીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક નામ એવું છે જે આજ સુધી ક્યારેય સાંભળવામાં નથી આવ્યું . જે છે રેણુકા જગતિયાની જેમણે અબજોપતિઓની યાદીમાં નવી એન્ટ્રી કરી છે. રેણુકા જગતિયાની દેશના અમીરોની યાદીમાં ૪૪મા ક્રમે છે અને તેમની કુલ સંપત્તિ લગભગ ૫ બિલિયન ડોલર એટલે કે ૪૦ હજાર કરોડ હોવાનો અંદાજ છે. આજે રેણુકા અબજોપતિઓની યાદીમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે એક સમય હતો જ્યારે તેના પતિ લંડનના રસ્તા પર કેબ ચલાવી પોતાનું ગુજરાન કરતા હતા આજે અબજોપતિઓની યાદીમાં તેમની એન્ટ્રી થઈ છે ત્યારે ચાલો જાણીએ કેવી રીતે તે આટલા આમીર થયા. રેણુકા જગતિયાની ફોર્બની ટોપ ૧૦૦ ભારતીય ધનિકોની યાદીમાં ૪૪મા સ્થાને છે. રેણુકા જગતિયાની લેન્ડમાર્ક ગ્રુપના ઝઈ છે અને તેમની સંપત્તિ ઈ૪.૮ બિલિયન અથવા લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. લેન્ડમાર્ક ગ્રુપનો બિઝનેસ ઘણા દેશોમાં ફેલાયેલો છે. તેનું મુખ્યાલય દુબઈમાં છે અને આ કંપનીની સ્થાપના રેણુકાએ તેના સ્વર્ગસ્થ પતિ મિકી જગતિયાની સાથે મળીને કરી હતી.



# રાજકોટમાં શનિ-રવિ આઈપીએલ ફેન પાર્ક




## દર્શકોને મોજ - મસ્તી સાથે બિગ સ્ક્રીન પર મેચ નિહાળવાનો લહાવો

રાજકોટ,

રમતપ્રેમી અને રાજકોટનાં આંગણે તા. ૬ અને ૭ શનિવાર - રવિવારે આઈપીએલ ફેન પાર્કનું ભવ્ય આયોજન થયું છે. આ બે દિવસ દરમિયાન ક્રિકેટ ચાહકોને બિગ સ્ક્રીન પર ઢોલ - નગારાના તાલે અને રાસ-ગરબાની રમઝટ વચ્ચે મેચ જોવા મળશે. આઈપીએલ ફેન પાર્ક રેસકોર્સના ક્રિકેટ મેદાન પર યોજાશે અને દર્શકોને નિઃશુલ્ક પ્રવેશ મળશે.

શનિવારે સાંજે ૭-૩૦થી રાજસ્થાન રોયલ્સ વિ. રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુનો મેચ રમાશે. આ મેચ પહેલા ૫-૦૦ વાગ્યાથી દર્શકોને આઈપીએલ ફેન પાર્કમાં પ્રવેશ મળવાનું શરૂ થઈ જશે. દર્શકોને ખાણી-પીણીના સ્ટોર્સનો પણ લહાવો મળશે. ટેટૂ કલાકારો પણ હાજર હશે. રવિવારે બે મેચ હોવાથી દિવસભર આઈપીએલ ફેન પાર્કમાં રમઝટ ચાલુ રહેશે. રવિવારે પહેલા મેચમાં મુંબઈ સામે દિલ્હી હશે જ્યારે બીજા મેચમાં લખનઉની ટક્કર ગુજરાત સામે થશે.

# સૌથી મોંઘા ખેલાડીથી મયંક યાદવનો પગાર ૧૨૩ ગણો ઓછો : તેમ છતાં વિકેટ લેવામાં આગળ

મુંબઇ

આઈપીએલ ૨૦૨૪ની શરુઆત થયાને હજુ ૧૦ દિવસથી વધુનો સમય થયો છે, પરંતુ આ ૧૦ દિવસમાં જે એક નામ સૌથી વધુ ચર્ચામાં છે. તે છે મયંક યાદવનું, આ ખેલાડીએ પોતાની બોલિંગથી આઈપીએલ ૨૦૨૪માં ધમાલ મચાવી છે, મયંક યાદવની બોલિંગ લોકો આંખો બંધ કરીને પણ જોઈ શકે છે. તેમના બોલથી બેટ્સમેનો માટે





મુશ્કિલ સાબિત થઈ રહ્યા છે. લખનૌ સુપર જાયન્ટસની ટીમમાં એક એવો હિરો છે જેની ચમક આજે દુર દુર સુધી ફેલાયેલી છે. અમે વાત કરી રહ્યા છીએ મંયક યાદવની.મયંક યાદવને લખનૌ સુપર જાયન્ટસની ટીમે ૨૦ લાખ રુપિયામાં ખરીદ્યો હતો. ત્યારબાદ તેમણે આઈપીએલમાં પોતાનું ડેબ્યુ પંજાબ કિંગ્સ વિરુદ્ધ કર્યુ હતુ. આ મેચમાં તેમણે બોલિંગથી સૌ કોઈના મોંઢા બંધ કરી દીધા છે. તેમજ તે ટીમ માટે સૌથી મોટા મેચ વિનર તરીકે સામે આવ્યો છે.

# ફિલ્મ 'પુષ્પા ધ રુલ'ના ટીઝરની તારીખ જાહેર કરાઈ

મુંબઈ,

૨૦૨૪નું વર્ષ સિક્વલ ફિલ્મો માટે ધમાકેદાર રહેવાનું છે. આ ફિલ્મ એક સાથે અનેક થિયેટરોમાં ધમાલ મચાવશે. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ધ રૂલ (પુષ્પા ૨) પણ આ યાદીમાં સામેલ છે. આ ફિલ્મની ચાહકો બે વર્ષથી રાહ જોઈ રહ્યા છે. દરમિયાન, ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું છે. ... ગત વર્ષે ... અલ્લુ અર્જુન સ્ટારર પુષ્પા ૨ને લઈને એક ટીઝર વીડિયો રિલીઝ કરવામાં આવ્યો હતો. દરમિયાન, થોડા દિવસો પહેલા ફિલ્મની રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, મેકર્સ અલ્લુ અર્જુનના ચાહકોને વધુ એક સરપ્રાઈઝ આપવા જઈ રહ્યા છે. સાઉથનો સુપરસ્ટાર અલ્લુ અર્જુન થોડા દિવસો પછી પોતાનો ૪૨મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યો છે. આ અવસરને વધુ ખાસ બનાવવા માટે પુષ્પા ૨ ની ટીમ ફિલ્મનું બીજું ટીઝર રિલીઝ કરવા જઈ રહી છે. પુષ્પા ૨નું ટીઝર રિલીઝ ૨ એપ્રિલ, મંગળવારે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. ફિલ્મનું નવું પોસ્ટર રિલીઝ કરીને નિર્માતાઓએ ફિલ્મના ટીઝરની રિલીઝ ડેટનું અનાવરણ કર્યું છે. '

# અભિષેકની આતશબાજીથી હૈદરાબાદની ગાડી પાછી પાટા પર



## ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈને સતત બીજો આંચકો મળ્યો

મુંબઈ

બિગ-હિટર્સ ધરાવતી સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે અહીં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ સામેની મૅચને જાણે વન-સાઈડ ટ્રાફિક જેવી બનાવી દીધી હતી. પૅટ કમિન્સની આ ટીમે છ વિકેટે આસાનીથી વિજય મેળવીને ગાડી પાછી પાટા પર લાવીને ટોચની ટીમો (કોલકાતા, રાજસ્થાન)ને ચેતવી દીધી હતી. હૈદરાબાદ ટૉપ-ફાઈવમાં છે અને એણે થોડા દિવસ પહેલાં મુંબઈ સામે આઈપીએલના હાઈએસ્ટ ટીમ-સ્કોર (૨૭૭/૩) સાથે હલચલ મચાવી દીધા પછી હવે ચેન્નઈ સામેની મૅચથી બોલિંગમાં પણ ક્ષમતા બતાવી દીધી છે.

ચેન્નઈએ આપેલો ૧૬૬ રનનો લક્ષ્યાંક હૈદરાબાદે ૧૮.૧ ઓવરમાં માત્ર ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. એમાં એઈડન માર્કરમ (૫૦ રન, ૩૬ બૉલ, એક સિક્સર, ચાર ફોર)ની હાફ સેન્ચુરીએ વિજય સરળ બનાવી દીધો હતો. એક જીવતદાન મેળવનાર ટ્રેવિસ હેડ (૩૧ રન, ૨૪ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર) અને આક્રમક મૂડમાં રમેલા સાથી ઓપનર અભિષેક શર્મા (૩૭ રન, ૧૨ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) વચ્ચે ૪૬ રનની જે ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી એમાં ૩૭ રન અભિષેકના હતા. હવે ચેન્નઈ સોમવારે ઘરઆંગણે કોલકાતા સામે અને હૈદરાબાદ મંગળવારે મુલ્લાનપુરમાં પંજાબ સામે રમશે.



# આલિયા ફિલ્મ 'લવ એન્ડ વોર'માં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે

મુંબઈ,

વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં સંજય લીલા ભણસાલીએ 'લવ એન્ડ વોર' નામની ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં રણબીર કપૂર, વિકી કૌશલ અને આલિયા ભટ્ટ જોવા મળશે. જાહેરાત બાદ આ ફિલ્મ સાથે જોડાયેલી માહિતી સમયાંતરે બહાર આવતી રહે છે. ફેબ્રુઆરીમાં એવી માહિતી મળી હતી કે રણબીર ફિલ્મમાં ગ્રે પાત્ર ભજવવાનો છે. તે જ સમયે, જે લોકો આ ફિલ્મમાં આલિયાનો રોલ કેવો હશે તે જાણવાની રાહ જોઈ રહ્યા છે, હવે તેમના માટે મોટી માહિતી આવી છે. પીપિંગમૂનના રિપોર્ટ અનુસાર આલિયા આ ફિલ્મમાં જાઝ સિંગરના રોલમાં જોવા મળશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે 'હાઈવે', 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' જેવી ફિલ્મો કર્યા બાદ તે આ રોલ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ તેની કારકિર્દીનું સૌથી જટિલ પાત્ર હશે. 'લવ એન્ડ વોર' એક એવી ફિલ્મ બનવા જઈ રહી છે જેની વાર્તા કાલાતીત હશે અને પ્રેમ, વફાદારી અને બલિદાનની થીમ પર આધારિત હશે. આ ફિલ્મની સ્ટોરી શું હશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી, પરંતુ ફિલ્મની જાહેરાત બાદ એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે લવ ટ્રાયંગલ પર આધારિત સ્ટોરી બતાવવામાં આવશે. અન્ય એક રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભણસાલીની આ ફિલ્મ ૧૯૬૪માં રિલીઝ થયેલી રાજ કપૂરની ફિલ્મ 'સંગમ'ની અનઓફિશિયલ રિમેક હશે. ભણસાલીએ આ ફિલ્મ માટે અગાઉથી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. ઉત્પાદનનું કામ નવેમ્બર-ડિસેમ્બરમાં શરૂ થવાની ધારણા છે. આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૫માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. જો કે, આ દિવસોમાં સંજય લીલા ભણસાલી પણ તેની પ્રથમ વેબ સિરીઝ 'હીરામંડી' માટે ચર્ચામાં છે.

# જો લગ્નના કાયદાઓ બદલાશે નહીં, તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક હશે

ટોક્યો,

જાપાનમાં થયેલા એક સંશોધન બાદ એક વિચિત્ર દાવો કરવામાં આવી રહ્યો છે. રિસર્ચ અનુસાર, જો લગ્નના કાયદામાં કોઈ ફેરફાર નહીં થાય તો એક દિવસ જાપાનમાં દરેકની સરનેમ એક જ હશે. આ કાયદા હેઠળ યુગલોને સરનેમ રાખવાની છૂટ છે. તોહોકુ યુનિવર્સિટીના પ્રોફેસર હિરોશી યોશિદાની આગેવાની હેઠળના સંશોધનનો અંદાજ છે કે જો જાપાન પરિણીત યુગલો પર સમાન અટક પસંદ કરવા દબાણ કરવાનું ચાલુ રાખશે, તો વર્ષ ૨૫૩૧ સુધીમાં દરેક જાપાની પુરુષ "સાતો-સાન" તરીકે ઓળખાશે. વિશ્વની મોટા ભાગની મોટી અર્થવ્યવસ્થાઓથી વિપરીત કે જેણે આ પરંપરાને નાબૂદ કરી છે, જાપાન હજુ પણ કાયદેસર રીતે વિવાહિત યુગલોને સમાન અટક રાખવાની મંજૂરી આપે છે. અહીં સામાન્ય રીતે પત્નીઓ તેમના પતિનું નામ તેમના ઉપનામ તરીકે લે છે અને જાપાનમાં સમલૈંગિક લગ્ન હજુ પણ કાયદેસર નથી. આ નામોમાં સૌથી સામાન્ય નામ 'સાતો-સાન' છે. સાતો પહેલાથી જ દેશમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતી અટક છે, જે માર્ચ ૨૦૨૩ના સર્વે અનુસાર કુલ વસ્તીના ૧.૫ ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે અટક 'સુઝુકી' બીજા સ્થાને છે. પ્રોફેસર યોશિદાએ કહ્યું, જો દરેક વ્યક્તિ સાતો બની જાય, તો આપણને આપણા પહેલા નામ અથવા નંબરથી બોલાવવા પડશે.

# ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે

મુંબઈ,

બસ હજુ થોડા દિવસો રાહ જુઓ. ઘણા સમયથી ચર્ચામાં રહેલી અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ ૧૦ એપ્રિલથી સિનેમાઘરોમાં આવશે. અક્ષય-ટાઈગર 'બડે મિયાં છોટે મિયાં' બનીને લોકોનું મનોરંજન કરશે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, તેને વધુ શક્તિશાળી બનાવવા માટે, દક્ષિણ સિનેમાના લોકપ્રિય અભિનેતા પૃથ્વીરાજ સુકુમારનને વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. જે ફિલ્મનું ટ્રેલર આવ્યું તેમાં ઘણી જ એક્શન જોવા મળી હતી. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે ફિલ્મ રિલીઝ થયા પછી લોકો તરફથી કેવો પ્રતિસાદ મળે છે અને ફિલ્મ બોક્સ ઓફિસ પર કેવું પ્રદર્શન કરે છે. હાલમાં આ ફિલ્મના નિર્માતાએ તેની કમાણી અંગે મોટો દાવો કર્યો છે. ખરેખર, 'બડે મિયાં છોટે મિયાં'ને અલી અબ્બાસ ઝફર, જેકી ભગનાની અને વાશુ ભગનાની પ્રોડ્યુસ કરી રહ્યા છે. હાલમાં જ જેકીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેની સાથે વાશુ પણ જોવા મળી રહ્યો છે. બંને ફિલ્મને લઈને ઉત્સાહિત લાગે છે. જ્યારે વાશુ ભગનાની કહે છે, "છોટે મિયાં ચિંતા ન કરો, વિશ્વભરમાં ૧૧૦૦ કરોડ રૂપિયાની પુષ્ટિ થઈ ગઈ છે.

# અભિનેત્રી સોનાક્ષી સિન્હા 'સન ઓફ સરદાર ૨'માં અજય દેવગણ સાથે જોવા મળશે ?

મુંબઈ,

સિક્વલ અથવા ફ્રેન્ચાઈઝી ફિલ્મોમાં, ઘણીવાર એવું જોવા મળે છે કે નિર્માતાઓની પ્રાથમિકતા મૂળ ફિલ્મના કલાકારો સાથે ફ્રેન્ચાઈઝીને આગળ લઈ જવાની હોય છે. ઘણા ફિલ્મ નિર્માતાઓએ નવા કલાકારો સાથે ફ્રેન્ચાઈઝીને આગળ ધપાવી છે, પરંતુ પછી તેઓએ આખી વાર્તા શરૂઆતથી શરૂ કરવી પડી.

હવે આ બંને ફિલ્મોની સિક્વલ ફિલ્મોની તૈયારીઓ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. મળતી માહિતી પ્રમાણે અભિનેતા આવતા વર્ષથી આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. અભિનેતા સંપૂર્ણપણે નવી ટીમ સાથે સન ઓફ સરદાર ૨ બનાવશે. આમાં ડિરેક્ટરથી લઈને કાસ્ટ સુધીની આખી ટીમ નવી હશે. અહેવાલો અનુસાર, સન ઓફ સરદાર ૨ મૂળ ફિલ્મમાંથી માત્ર અજય દેવગન જ જોવા મળશે. અભિનેત્રી સોનાક્ષી અને સંજય બંને સિક્વલમાં નહીં હોય.

માહિતીના આધારે અજય દેવગન આ વર્ષે જૂનથી લંડનમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે. તો પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા ડિરેક્ટર વિજય કુમાર અરોરા સાથે ફિલ્મ સન ઓફ સરદાર ૨ માટે વાતચીત થઈ છે. સન ઓફ સરદાર ૨ તેની પ્રથમ હિન્દી ફિલ્મ હશે. આ ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે ૨૦૨૫ના મધ્યથી શરૂ કરવાની યોજના છે.



## જૂના ભાગીદારના પિતા અને એક અજાણ્યો શખ્સ એસીડ ફેંકી ફરાર

# બાકીના ૭ લાખની ઉઘરાણી કરતા યુવાન પર કરાયો એસિડ એટેક

### બે મિત્રો સનેડામાં કપાસ ભરી યાર્ડમાં વેચવા જઈ રહ્યા હતા ત્યારે બન્યો બનાવ- એસીડ એટેકમાં ગંભીર રીતે દાઝેલા યુવાનને હોસ્પિટલ ખસેડાયો

રાજુલા, તા.૬

રાજુલામાં ઉઘરાણી કર્યાની દાઝ રાખી બે શખ્સોએ એક યુવાન પર એસીડ ફેંકતા ચકચાર મચી છે. એસીડ એટેકમાં રાજુલાના બારપટોળી ગામનો ૩૯ વર્ષિય યુવાન ગંભીર રીતે દાઝી ગયો હતો. સાથે મળીને ધંધો કર્યા બાદ ભાગીદારી છુટી કરતા લેણા નિકળતા સાત લાખની ઉઘરાણી કરતા તેની દાઝ રાખીને રસ્તા વચ્ચે આંતરીને એસીડ એટેક કરી જુના ભાગીદારના પિતા અને અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયા હતાં. હાલ ભોગગ્રસ્ત યુવાન હોસ્પિટલમાં સારવાર તળે છે.

ચકચારી બનાવની મળતી વિગત અનુસાર રાજુલા તાલુકાના જૂની બારપટોળી ગામે રહેતા શિવાભાઈ બાબુભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૯)એ છ વર્ષ પહેલા મુકેશભાઈ બીજલભાઈ વાઘ સાથે રાજુલા શહેરના રામજી મંદિરના ખાંચામાં કાપડની દુકાન ભાગમાં કરી હતી. ત્યારબાદ મુકેશભાઈ વાઘએ ૧૨ લાખ આપવાની શરતે યુવાનને ભાગીદારીમાંથી છુટા કરી પાંચ લાખ રોકડા આપ્યા હતા. જ્યારે બાકીના સાત લાખની ઉઘરાણી કરતા સામાવાળાએ તેમના વિરૂધ્ધ ખાંભા પોલીસમાં અરજી કરી હતી. જેથી શિવાભાઈએ બિજલ કે તેમના દિકરા પાસે સીધી રૂપિયાની ઉઘરાણી કરવાના બદલે તેમના સબંધી મારફત બાકીના સાત લાખ રૂપિયાની ઉઘરાણી શરૂ કરી હતી.

આ વાત બીજલ લખમણભાઈ વાઘને સારી ન લાગતા તેનું મનદુઃખ રાખી આજે શુક્રવારે વહેલી સવારના સમયે શિવાભાઈ અને તેમના મિત્ર રાહુલભાઈ અનુભાઈ જોળિયા સનેડો વાહનમાં કપાસ ભરી રાજુલા માર્કેટીંગ યાર્ડમાં કપાસ વેચવા જઈ રહ્યા હતા. ત્યારે નવી બારપટોળીથી રાજુલા તરફ ભૂતડાદાદાના મંદિર નજીક પહોંચતા પાછળથી આવી રહેલ ડબલ સવારી બાઈકમાં મોઢે રૂમાલ બાંધેલા અજાણ્યા શખ્સે હાથથી ઈસારો કરી વાહનને ઉભું રખાવ્યું હતું. ત્યારે શિવાભાઈ લાખણોત્રા કંઈ સમજે તે પહેલા જ બાઈકમાં પાછળ બેસેલો બીજલ લખમણભાઈ વાઘ (રહે, સમઢિયાળા (પાટી))એ બોટલમાં રહેલ એસિડ ફેંકી બન્ને શખ્સ બેફામ ગાળો દઈ કાતર રોડ તરફ બાઈક લઈ નાસી ગયા હતા.

આ બનાવમાં શિવાભાઈને એસિડથી દાઝી જવાથી હાથ, સાથળ, પગના ભાગે ઈજા થતાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં રાજુલાની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટના સંદર્ભે યુવકે બીજલ વાઘ અને એક અજાણ્યા શખ્સ સામે નોંધાવેલી ફરિયાદના આધારે રાજુલા પોલીસે આઈપીસી ૩૨૬ (એ), ૫૦૪, ૧૧૪ અને જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેડક્રોસ દ્વારા અલંગ પંથકમાં આંગણવાડી બાળકોની કરાયેલી આરોગ્ય તપાસ

### અલંગ સ્થિત હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાંત ડોકટરની નિયમિત મળતી ઓપીડી સેવા

ભાવનગર, તા.૬

૭ એપ્રિલ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે રેડક્રોસ ભાવનગર દ્વારા અલંગ અને ભાવનગર ખાતે ૧૫ જેટલા જન સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે જેના ભાગરૂપે રેડક્રોસ હોસ્પિટલ અલંગ દ્વારા અલંગના આસપાસના ગામમાં આંગણવાડી ખાતે આવતા બાળકોની આરોગ્ય તપાસ રેડક્રોસના બાળરોગ નિષ્ણાત ડો અનિલભાઈ ચૌહાણ અને મેડિકલ ટિમ દ્વારા કરવામાં આવી હતી.

કેમ્પમાં કુપોષિત બાળકો ઉપરાંત અલગ અલગ રોગના બાળકોની તપાસ કરી જે જરૂરી દવાઓ આપવામાં આવી હતી રેડક્રોસ દ્વારા બાળકોની આરોગ્યની તપાસના કેમ્પમાં જરૂર જણાયેલ બાળકોને આગળની સારવાર માટે પણ આયોજન કરવામાં આવેલ તથા વાલીઓને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. અલંગ ખાતે રેડક્રોસ દ્વારા સંચાલિત હોસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત ડોકટરની સેવાઓ દરરોજ ઉપલબ્ધ કરવામાં આવી છે જેનો opd સમય સવારે ૧૦ થી ૧ અને ઈન્ડોર તથા ઈમરજન્સીએ ફૂલ ડે આપવામાં આવી રહી છે જે સેવાઓ તદ્દન વિનામુલ્યે ઉપલબ્ધ કરવામાં આવી છે જેનો બહોળી સંખ્યામાં આસપાસના ગામના લોકો લાભ લઈ રહ્યા છે અને અલંગના કામદારો અને તેના પરિવારો પણ લાભ લઈ રહ્યા છે.

# સરદાર યુવા મંડળ દ્વારા ચકલીના ૧ હજાર માળાનું કરાયેલુ વિતરણ



શહેર અને જિલ્લામાં સામાજીક અને યુવા પ્રવૃત્તિઓ કરતા સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા શહેરના ભરતનગર ખાતેના ભવાની માતાજીના મંદિર પાસે એક હજાર ચકલીઓના માળાઓનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ માળા વિતરણ કાર્યક્રમમાં આર્યકુળ કન્યા વિદ્યાલયના નરેન્દ્રસિંહ જાડેજાના વરદ હસ્તે માળાઓનું વિતરણ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના ભરત મોણપરા મનીષ પરમાર કાન્તી બાંભણીયા, ભરત મકવાણા, યોગેશ દીયોરા, અશોક મકવાણા, રાકેશભાઈ જોશી સહિત સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# શિશુવિહારમાં સાંજે યોજાશે કેપ ક્રાફટની તાલીમ

ભાવનગર, તા.૬

બાળવયથી વિધાર્થીઓમાં કૌશલ્ય અને મૂલ્ય કેળવણી ઉમેરાય તેવા શૈક્ષણિક હેતુથી શિશુવિહાર સંસ્થામાં વર્ષ ૨૦૧૮થી ચાલતી જીવન શિક્ષણ અંતર્ગત મીનાબેન પ્રમોદચંદ્ર હેમાણીનાં સહકારથી ચાલતી તાલીમ દર શનિવાર સાંજે ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન તાલીમ પ્રવૃત્તિનું આયોજન કરેલ છે. તાલીમાર્થીની વયમર્યાદા વર્ષ ૧૨ થી ૧૭ રાખેલ છે. તાલીમાર્થીને તાલીમ દરમિયાન મટીરીયલ સંસ્થા તરફથી આપવામાં આવશે તેમજ બનાવેલ નમૂના ઘરે લઈ જવા મળશે. તાલીમનો લાભ લેવા વાલીઓને પોતાના સંતાનોને મોકલવા ભલામણ છે. ૧૯૬મી તાલીમ અંતર્ગત આજે તારીખ ૬ને શનિવારે સાંજે ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન બોટલ કેપ ક્રાફટ શીખવાડવામાં આવશે.

# ધોળામાં રવીવારે એકલિંગજી મહાદેવનો પાટોત્સવ ઉજવાશે

આગામી તા.૭-૪-૨૪ ને રવિવારે એકલિંગજી મહાદેવ પાટોત્સવ ધોળા ખાતે પાર્થભાઈ મહેશભાઈ જોષી સિહોરના યજમાન પદે ધામધૂમથી ઉજવાશે આ માટે યુવક મંડળ ધોળાના યુવાનો તડામાર તૈયારી કરી રહ્યા છે તેમજ સમસ્ત બ્રહ્મસમાજ ધોળાનો સહકાર મળી રહ્યો છે. આ પ્રસંગે દરેક જ્ઞાતિજનોએ પધારવુ. પૂજાનો સમય સવારે ૭-૩૦ થી ૧૨ વાગ્યા સુધી અને ત્યાર પછી ૧૨.૩૦ થી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# ભારતીય જનતા પાર્ટીનો ૪૪મો સ્થાપના દિવસ : સાંજે યુવા મોર્ચા દ્વારા બાઈક રેલી



તસવીર : મૌલીક સોની

ભારતીય જનતા પાર્ટીનો આજે ૪૪મો સ્થાપના દિવસ પક્ષના કાર્યકર્તાઓએ ઉજવ્યો હતો. ભાવનગર શહેર ભાજપ સંગઠનના પ્રમુખ અભયભાઈ ચૌહાણે પોતાના ઘરની અગાશી પર ભાજપનો ધ્વજ લહેરાવ્યો હતો. ત્યારબાદ શહેરમાં ઘરે-ઘરે ધ્વજ લગાવવામાં આવ્યો હતો. જ્યારે યુવા મોર્ચા દ્વારા સાંજે નિલમબાગ સર્કલથી બાઈક રેલીનું આયોજન થયું છે જે પાનવાડી, જશોનાથ, મોતીબાગ, ભીડભંજન, કાળાનાળા, સંતકંવરરામ, રબ્બર ફેક્ટરી, ઘોઘાસર્કલ, મોખડાજી સર્કલ, શિવાજી સર્કલ, સરદારનગર, આતાભાઈ થઈ સેન્ટ્રલ સોલ્ટ, અક્ષરવાડીના રૂટ પર ફરી લોકસભા ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલય કાળિયાબીડ પાણીની ટાંકી ખાતે સમાપન થશે.

# પીથલપુર ગામે પિતૃમોક્ષાર્થ યોજાયેલી ભાગવત કથાની થયેલી પૂર્ણાહુતી




તસવીર : મથુર ચૌહાણ

તળાજા, તા.૬

પીથલપુર મોક્ષધામ મંદિર ખાતે અઢારેય વર્ણના પિતૃ મોક્ષાર્થ ભાગવત સપ્તાહનુ આયોજન થયુ હતુ જેની પૂર્ણાહુતી નિમિત્તે ભવ્ય પોથી યાત્રા નિકળી હતી. પોથીયાત્રા આખા ગામમા ફરી હતી ઠેરઠેર પોથી યાત્રાનુ સ્વાગત કરાયુ હતુ હજારો ભકતો ઉમટી પડ્યા હતા પીથલપુર ગામ સહિત આસપાસ ગામડાઓ અને તાલુકા, જીલ્લાના અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ પોથી યાત્રામા જોડાયા હતા વકતા રામ કૃષ્ણ શાસ્રી છોટે મોરારી બાપુએ સુંદર શૈલીમા ભાગવત કથાનુ રસપાન કરાવેલ.

પોથીયાત્રામાં અબિલ ગુલાલની છોળો સાથે ઢોલ નગારા ડીજેને તાલે સૌ કોઈ ઝુમ્યા હતા. પીથલપુર ગામ ધાર્મિક રંગે રંગાયુ હતુ.

# અમરેલીમાં સીમમાં રમતા બાળકને વિફરેલી સિંહણ ઉઠાવી ગઈ, દૂર લઈ જઈ ફાડી ખાધો



### વનવિભાગને માત્ર બાળકના અવશેષો હાથ લાગ્યા

અમરેલી, તા.૬

અમરેલી જિલ્લામાં સિંહોની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે, જેથી સિંહો તેમજ સિંહણ હવે જંગલ વિસ્તાર છોડી રહેણાંક વિસ્તારમાં લટાર મારી રહ્યા છે. જેને પગલે અનેક વખત લોકો પર હુમલો કરવાની ઘટનાઓ નોંધાઈ રહી છે. ત્યારે ગત રોજ સાવરકુંડલાના લુવારા ગામની સીમમાં રમી રહેલા ૭ વર્ષના બાળક પર એક સિંહણે હુમલો કર્યો હતો. જે બાદ દુર લઈ જઈ બાળકને ફાડી ખાંધો હતો. વનવિભાગની ટીમે તાત્કાલીક પહોંચી સિંહણ પકડવા માટે ઓપરેશન હાથ ધર્યું હતું. ત્યારે બાળકના માત્ર અવશેષો હાથ લાગ્યા હતા. તેમજ વહેલી સવારે સિંહણ મળી આવતા તેને પાંજરે પૂરી હતી.લુવારા ગામની સીમમાં બાળક સાંજના સમયે રમતો હતો. ત્યારે એક સિંહણ આવી ચડી હતી. આ બાળક કઈ સમજે તે પહેલા તો સિંહણે બાળક પર હુમલો કરી દીધો હતો. જે બાદ બાળકને દૂર સુરજવડી નદી કાંઠે સિંહણ લઈ ગઈ હતી. બીજી તરફ બાળકના પરિવારજનોને જાણ થતાં જ વનવિભાગને જાણ કરવામાં આવી હતી. જેને પગલે વનવિભાગની ટીમો દોડી આવી હતી. સિંહણને શોધવા માટે વનવિભાગે ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન સિંહણનું લોકેશન મેળવ્યું હતું. ઉપરાંત તે જ વિસ્તારમાં સિંહણના ૨ બચ્ચા પણ હતા. જેના કારણે વનવિભાગમાં ભારે દોડધામ મચી હતી.વનવિભાગ દ્વારા આખી રાત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે વનવિભાગને બાળકના કેટલાક અવશેષો મળ્યા હતા. જેથી માસૂમ બાળકનો મૃતદેહ મોડી રાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પીએમ માટેની કાર્યવાહી હાથ ધરી હતી. ખેતીકામ કરતા પરિવારના માસૂમ બાળકને સિંહણે ફાડી ખાધો હતો, જેથી પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. વનવિભાગ દ્વારા પંચનામાની કામગીરી કરી પરિવારના નિવેદનો લઈ કાર્યવાહી હાથ ધરી છે.મોડી રાતે સાવરકુંડલા રેન્જ વનવિભાગની ટીમે સિંહણનું લોકેશન મેળવી લીધું હતું. જોકે, ૨ સિંહબાળ પણ નજીકના વિસ્તારમાં જ હતા જેના કારણે રેસ્ક્યુ ઓપરેશન રાતભર ચાલ્યું હતું. વનવિભાગની ટીમો દ્વારા અલગ અલગ વિસ્તારમાં પાંજરા ગોઠવી સિંહણને પાંજરે પુરવા માટેની કવાયત શરૂ કરી હતી. આખી રાત ઓપરેશન ચાલ્યા બાદ વનવિભાગની ટીમને વહેલી સવારે સફળતા મળી હતી અને સવારે ૫ વાગ્યા આસપાસ સિંહણ અને ૨ બચ્ચાને પાંજરે પુર્યા હતા. જેથી સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો છે.ગીર પૂર્વ ડી.સી.એફ.રાજદીપ સિંહ ઝાલા, ઈન્ચાર્જ એસીએફ ત્રિવેદી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર પ્રતાપ ચાંદુ, ફોરેસ્ટર ટ્રેકર્સ સહિત અલગ અલગ કર્મચારીઓ અને રેસ્ક્યુ ટીમો આ ઓપરેશનમાં જોડાઈ હતી. હાલ ધારી એનિમલ કેર સેન્ટર ખાતે સિંહણ અને તેના બચ્ચાને રાખવામાં આવશે.

# તસ્કરો ભારે અઘરા, ચાલુ વીજ લાઈનના વાયરો ચોરી ગયા!

### વલ્લભીપુર પંથકમાં ૨ માસમાં ૩ વીજ લાઈન ચોરાઇ, નવી લાઈન ન નખાતા ગ્રામ્ય પંથકમાં લોકોમાં ભારે મૂશ્કેલી

ભાવનગર, તા.૬

પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના વલ્લભીપુર પંથકના ટીસીમાથી સ્પેર પાર્ટસ બાદ હવે ચાલુ વીજ લાઇનમાથી વાયરોની ચોરી થતા અધિકારીઓ પણ મૂજવણમા મુકાયા છે. વીજ કંપનીના અધિકારીએ જણાવ્યું હતું કે, તસ્કરો ખેતીવાડી તેમજ જ્યોતિગ્રામની વીજ લાઇનને નિશાન બનાવી ચાલુ વીજ લાઇનની ચોરી કરે છે. તેમજ કોઇ ચીપ્યા જેવા સાધનથી રસ્તા ઉપર ઉભા રહી લાઇનને કાપી, વાયરોની ચોરી કરે છે. જો કે, તસ્કરો વીજ લાઇનના અનુભવી હોય તેવી શંકા પણ વ્યક્ત કરી હતી.

વલ્લભીપુર પોલીસ મથકમાં અગાઉ પણ ચાલુ ટી.સી.ની અંદરના સ્પેરપાર્ટ્સની ચોરી થયાની ફરિયાદ નોંધાવા પામી હતી. જેમાં પોલીસે ટી.સી. ચોરી કરતી ગેંગના ત્રણ તસ્કરોને ઝડપી લઇ આઠેક જેટલાં ટી.સી.નો મુદ્દામાલ પણ રીકવર કરાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ લાઇન કાપી, ટી.સી.માંથી કોયલ કાઢી, તસ્કરો ટી.સી.ની અંદરના સ્પેરપાર્ટસની ચોરી કરતા હતા. પરંતુ હવે સમગ્ર વીજ લાઇન જ ચોરી કરવાનું શરૂ કર્યું છે.

પી.જી.વી.સી.એલ તંત્ર દ્વારા વીજ લાઇનની ચોરી બાદ નવી વીજ લાઇનનું જોડાણ ન કરવાથી આજુબાજુના ગામમાં અંધારપટ છવાયેલો રહ્યો છે તેમજ ખેડુતોને પણ ભારે મુશ્કેલીઓ પડી રહી છે. વલ્લભીપુર પંથકમાં અગાઉ પીજીવીસીએલ ના આખેઆખા ટી.સી. ચોરીના બનાવો બન્યા છે ત્યારે હવે તસ્કરો આખે આખી ચાલુ વીજ લાઇનની ચોરી કરી ફરાર બન્યા છે. ભાવનગર PGVCL હેઠળ આવતા વલ્લભીપુર પંથકના ચમારડી એ.જી. ફિડરમાં બે માસની અંદર જ ખેતીવાડી તેમજ જ્યોતિગ્રામની ચાલુ વીજ લાઇન કુલ ૩૯, ૫૯ તેમજ ૬૦ ગાળાની તસ્કરો ચોરી કરી નાસી છુટતા પી.જી.વી.સી.એલ તંત્રને ૪,૭૦,૦૦૦નું નુકશાન વેઠવું પડ્યું હતું.વધુમાં ખેતીવાડી તેમજ જ્યોતીગ્રામની વીજ લાઇનની ચોરી થતાં ખેડુતો તેમજ આસપાસના ગામલોકોને હાલાકીનો સામનો કરવો પડે છે. વીજ લાઇનની ચોરી થઇ છે ત્યારે હજુ સુધી નવી વીજ લાઇનનું જોડાણ ન થતાં ખેડુતોનો પાક નિષ્ફળ જાય તેવી પરિસ્થિતી ઉભી થવા પામી છે.

# ઉમેદવારતો પુરુષોત્તમ રૂપાલા જ રહેશે

### અમરેલીના લોકો સાથે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન

રાજકોટ,તા.૬

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા રાજકોટથી જ ચૂંટણી લડશે એવો સ્પષ્ટ સંકેત ખુદ પુરુષોત્તમ રૂપાલા એ જ આપી દીધો છે. રાજકોટ રહેતા અમરેલીના લોકો સાથે એક સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુરુષોત્તમ રૂપાલાએ પોતાના મંતવ્ય શરૂ કરતા સાથે પહેલા જ જણાવ્યું હતું કે, હવે પછી બે વખત તમારે આવવાનું છે એક હું ફોર્મ ભરવા જાવ ત્યારે અને મતદાનના દિવસે. આ નિવેદન ઉપરથી આ વાત સ્પષ્ટ સંકેત આપવામાં આવી રહ્યો છે કે આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા જ રહેશે.રાજકોટના નવા ૧૫૦ ફૂટ રિંગરોડ પર ટીલાળા ચોક નજીક આવેલ ક્રિષ્ના ગૌશાળા ખાતે એક કાર્યક્રમનું આયોજન અંબરીશ ડેરની આગેવાનીમાં અમરેલી જિલ્લાની યુવા ભાજપની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. મૂળ અમરેલીના અને રાજકોટમાં વસતા લોકો સાથે સ્નેહ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મૂળ અમરેલીના અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા.રાજકોટના લોકસભાના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, આજે મારે આમ તો તમને બધાને વધુ કઈ કેવાની જરૂર નથી પણ એક વાત ખાસ કહું છું. બે દિવસ તમારે બધાએ ફરજિયાત આવવાનું છે. એક હું તમને સમય આપીશ એક-બે દિવસમા ફોર્મ ભરવાની તારીખ નક્કી કરીને આપીશ ત્યારે પાઘડી બાંધી તમારે બધાને આવવાનું છે.

# તળાજાખાતે નદીએ કપડા ધોવા ગયેલી મહિલાનુ ડુબી જતા મોત

તળાજા,તા.૬

મહુવા તાલુકાના વાધનગર ગામના મકવાણા પરિવારના દીકરી અને તળાજા ખાતે સાસરીયુ ધરાવતી મહિલા શેત્રુંજી નદી કાંઠે આવેલ ભાઈના ઘરે ગયા હતા. અને ત્યાંથી ભાઈના ઘરના કપડા ધોવા માટે ગયેલી મહિલા નદીના ઊંડા ખાડામા લપસીને પડી જતા ડૂબી જવાના કારણે તેનુ મૃત્યુ થયુ હતુ.

આ બનાવ અંગે તળાજા રેફરલ હોસ્પિટલ ખાતેથી મળતી વિગતો મુજબ તળાજાના સરતાનપર રોડ પર રહેતા ચંપાબેન જેઠાભાઈ ડોડીયા ઉ.વ.૫૦ તેઓ શેત્રુંજી નદીના કાંઠે વાડીમા રહેતા ભાઈ મુકેશ ડાયાભાઈ મકવાણાને ત્યાં ગયા હતા.ભાઈના ઘરના કપડા મેલા હોય બાઈક લઈને ભાઈ બહેન શેત્રુંજી નદીએ સવારે આવેલ હતા.ભાઈ મુકેશને ફોન આવતાં તે વાત કરતા હતા તે સમયે કપડાં ધોવા આવેલ ચંપાબેનનો પગ લપસતા ઊંડા ખાડામાં ગરકાવ થઈ ગયા હતા. તરવૈયા આવીને ચંપાબેનને બહાર કાઢી ૧૦૮ દ્વારા ગંભીર હાલતે હોસ્પિટલ ખસેડાતા ફરજ પરના તબીબ દ્વારા તેઓને મૃત જાહેર કરવામાં આવેલ. આ બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.

અનુ.પાના ૮નું શરૂ...

## સૌની યોજનાનો લાભ નહીં મળતા

પરંતુ પાણી ક્યારે ઠલવાશે તે પ્રશ્ન છે, અગાઉ દૈનિક ૨૦ એમએલડી સુધી પાણી લેવાતું હતું પરંતુ હવે બોરતળાવમાં સપાટી ૪૩ ફૂટથી ઘટી ૩૪.૧૦ ફૂટ થઈ ચૂકી છે હાલ માત્ર ૧૫ એમએલડી પાણી લેવાઈ રહ્યું છે અને આગામી દિવસોમાં જથ્થો ઘટાડાશે, આમ બોરતળાવ હાથ વગું હથિયાર છે પરંતુ સૌની યોજનાનો કોઈ લાભ મળતો નથી.

ભાવનગરમાં પાણીની ખેંચ ઊભી થતાં આ બાબત તાજેતરમાં વિડીયો કોન્ફરન્સમાં શહેરી વિકાસના પ્રિન્સિપલ સેક્રેટરી અશ્વિનીકુમાર સમક્ષ કમિશનરે મૂકી હતી. આગામી દિવસોમાં મહી પરીએજ સાથે ૯૦ MLD પાણી મેળવવા માટે એગ્રીમેન્ટ કરવામાં આવશે. જેથી એગ્રીમેન્ટ બાદ મહી પરીએજમાંથી ઓછામાં ઓછું ૭૨ અને વધુમાં વધુ ૯૯ એમએલડી પાણી મેળવી શકાશે.

# વિપક્ષી ગઠબંધનનું નામ I.N.D.I.A. રાખવા પર ૧૦મીએ કોર્ટમાં અંતિમ મુદત

નવીદિલ્હી,

વિપક્ષી પાર્ટીઓ દ્વારા પોતાના ગઠબંધનનું નામ I.N.D.I.A. રાખ્યું હતું. આને લઈને દિલ્હી હાઈ કોર્ટમાં કરવામાં આવેલી પિટિશનની સુનાવણી કરવા માટે હાઈ કોર્ટે વિપક્ષી ગઠબંધન પાસે જવાબ માગ્યો હતો, પરંતુ હજી સુધી તેમના તરફથી કોઈ જવાબ ન આવતાં આખરે દિલ્હી હાઈ કોર્ટે વિપક્ષી પાર્ટીઓ અને કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને કહ્યું છે કે આ અંતિમ મુદત આપવામાં આવી રહી છે. દિલ્હી હાઈ કોર્ટે વિપક્ષી પાર્ટીઓ પાસેથી સાત દિવસમાં જવાબ માગ્યો છે અને આ પિટિશનની સુનાવણી ૧૦મી એપ્રિલે નિર્ધારિત કરી છે. દિલ્હી હાઈ કોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મનમીત પ્રીતમ સિંહ અરોડાની ખંડપીઠ આ કેસની સુનાવણી કરી રહી છે. ગિરિશ ભારદ્વાજ નામની વ્યક્તિ દ્વારા વિપક્ષી ગઠબંધન દ્વારા ઈન્ડિયા નામ રાખવામાં આવ્યું તેની સામે પિટિશન કરવામાં આવી હતી. પોતાની પિટિશનમાં એવી માગણી કરી હતી કે વિપક્ષી પાર્ટીઓને I.N.D.I.A. નામનો ઉપયોગ કરતાં રોકવામાં આવે કેમ કે આ પાર્ટીઓ દેશના નામનો ગેરલાભ ઉઠાવી રહી છે.

તેમણે હાઈ કોર્ટને એવી વિનંતી કરી હતી કે ૧૯ એપ્રિલે મતદાનનો પહેલો તબક્કો છે તેથી સુનાવણી વહેલી કરવામાં આવે, જોકે અદાલતે આ વિનંતી નકારી કાઢી હતી.

# નોકરી છોડયા બાદ સરકારી કર્મીને ચૂંટણી લડવા પર રોક નહીં

## સરકારી કર્મીને નોકરી છોડયા બાદ તરત ચૂંટણી લડતા રોકવાની માંગ સુપ્રીમે ફગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટ શુક્રવારે લોકસેવકોને સેવા નિવૃત થયા બાદ કે રાજીનામુ આપ્યા બાદ ચૂંટણી લડવા રોક લગાવવાની માંગ કરતી અરજી પર વિચાર કરવાનો ઈન્કાર કરી દીધો હતો. પુર્વ સાંસદ જીવી હર્ષકુમારે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી નોકરશાહો/લોકસેવકોને સેવા નિવૃત કે રાજીનામુ આપ્યા બાદ ચૂંટણી લડવા પર એક નિશ્ચિત સમયસીમા સુધી રોક લગાવવા એક સમયગાળો નકકી કરવા ભારતીય ચૂંટણી પંચની ૨૦૧૨ની ભલામણ લાગુ કરવાની માંગ કરી હતી. જસ્ટીસ સૂર્યકાંત અને સંદીપ મહેતાની પીઠે આ અરજી પર વિચાર કરવાનો ઈન્કાર કર્યો હતો. આ પહેલા પીઠે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, આ રિપોર્ટ ૨૦૧૨નો છે. અમે તેના પર વિચાર કરવા ઈચ્છુક નથી. પીઠે અરજદાર વકીલને પૂછ્યું હતું કે, આપ અરજી પાછી લેવા માંગો છો કે દલીલ કરવા માંગો છો?

# PM મોદી ૧૨ થી ૧૪મી મે વચ્ચે વારાણસીથી ઉમેદવારી નોંધાવશે



વારાણસી,

પીએમ મોદી નોમિનેશન તારીખઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત વારાણસીથી લોકસભાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. અગાઉ, ૨૦૧૪ અને ૨૦૧૯ માં મોટી જીત હાંસલ કર્યા પછી, તેઓ વારાણસીથી સાંસદ તરીકે ચૂંટાઈને દેશના વડા પ્રધાન બન્યા હતા. આવી સ્થિતિમાં, ભાજપના પ્રદેશ અધિકારી પાસેથી મળેલી માહિતી અનુસાર, વડાપ્રધાન મોદી મેના બીજા સપ્તાહમાં ૧૨ થી ૧૪ મે વચ્ચે ઉમેદવારી નોંધાવી શકે છે.

વારાણસીમાં સાતમા તબક્કામાં ચૂંટણી છે. વારાણસીમાં ૧ જૂને મતદાન થશે. ૭ મે થી ૧૪ મે વચ્ચે નામાંકન ભરવામાં આવશે. ચૂંટણી પંચે ઉમેદવારીપત્રોની ચકાસણી માટે ૧૫ મે અને નામાંકન પરત ખેંચવા માટે ૧૭ મેની તારીખ નક્કી કરી છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રાદેશિક અધિકારી પાસેથી મળેલી માહિતી મુજબ, આ વખતે ભાજપના કાર્યકરોએ વડાપ્રધાન મોદીને વારાણસીથી રેકોર્ડ સંખ્યામાં ૧૦ લાખથી વધુ મતોથી જીત અપાવવા માટે તમામ તાકાત લગાવી દીધી છે.

# જમ્મુ કાશ્મીર : ૪૩ પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યોના સરકારી આવાસ પર કબજો

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીર અને લદાખ હાઈકોર્ટે સરકારી આવાસ પર કબજો જમાવનારા પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યોના ઘર ખાલી ન કરનારાઓ સામે કડક વલણ અપનાવ્યું છે. આ કિસ્સામાં, ડિવિઝન બેન્ચે એસ્ટેટ વિભાગને કહ્યું છે કે જેઓ તેમના નિવાસસ્થાન છોડતા નથી તેમને વ્યક્તિગત રીતે નોટિસ જારી કરવા. ડિવિઝન બેન્ચે એસ્ટેટ વિભાગને ઉપરોક્ત કામ એક મહિનાના સમયગાળામાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ એન કોટીશ્વર સિંહ અને જસ્ટિસ એમએ ચૌધરીની અધ્યક્ષતાવાળી ડિવિઝન બેન્ચે કેસ સંબંધિત એક અરજીની સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો.

ડિવિઝન બેન્ચે કહ્યું કે અમે સ્પષ્ટ કરીએ છીએ કે જો આ રિપોર્ટમાં ઉલ્લેખિત કોઈપણ વ્યક્તિનું રહેઠાણ ચાલુ રાખવામાં આવે તો દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજૂ કરવા જોઈએ. સરકારે આ બાબતે ન્યાયી અને નિષ્પક્ષ નિર્ણય લીધો છે કે કેમ તેની તપાસ કોર્ટ કરશે. નોટિસ જારી કરતા પહેલા એસ્ટેટ વિભાગના નિયામક આ ૪૩ નેતાઓને સાંભળશે તેવો નિર્દેશ પણ આપવામાં આવ્યો હતો.

## મોદી એટલે ડિજિટલ માહિતીના માસ્ટર- અનુરાગ ઠાકુર

# જ્યારે દેશની જનતા રસ્તો શોધી રહી હતી ત્યારે ભાજપે નરેન્દ્ર મોદી નામનો વૈકલ્પિક નેતા આપ્યો

નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેન્દ્ર સરકારનું લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાનું છે. આ સાથે તેમણે ભ્રષ્ટાચાર અને કૌભાંડો માટે અગાઉની યુપીએ સરકારની ટીકા કરી હતી. ગુરુવારે આઈટી પ્રોફેશનલ્સને સંબોધતા અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, "આઈટીનો અર્થ 'ઈન્ડિયા ટુમોરો' છે અને ભારત માટે આવતીકાલનું લક્ષ્ય શું



છે? લક્ષ્ય ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત ભારત તરીકે વિકસાવવાનું છે." કોંગ્રેસ પર નિશાન સાધતા કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું, 'શું તમે કલ્પના કરી શકો છો કે ૧૦ વર્ષ પહેલા આપણા દેશના લોકો ભ્રષ્ટ કોંગ્રેસ અને તેના સહયોગીઓના ચુંગાલમાંથી પોતાને મુક્ત કરવાના હતા, તે વિચારવું પણ મુશ્કેલ હતું. કોંગ્રેસના શાસનમાં એક પછી એક કૌભાંડો થતા રહ્યા. યુપીએ સરકાર દરમિયાન થયેલા અનેક કૌભાંડોનો ઉલ્લેખ કરતા અનુરાગ ઠાકુરે કહ્યું કે આપણી નબળી યાદશક્તિને કારણે આપણે ક્યારેક ભૂલી જઈએ છીએ, ખાસ કરીને ૧૮ થી ૨૨ વર્ષની વયજૂથના લોકો કોંગ્રેસના કૌભાંડોને કારણે આ ભૂલી ગયા છે. તેમની ઉંમર માત્ર ૮ અને ૧૦ વર્ષની હતી. અનુરાગ ઠાકુરે કહ્યું, "તેઓ ૨જી કૌભાંડ કે સીડબ્લ્યુજી કૌભાંડ વિશે જાણતા નથી. તેઓ અગસ્તા વેસ્ટલેન્ડ, કોલસા કૌભાંડ અને તે બધા વિશે જાણતા નથી." અનુરાગ ઠાકુરે કહ્યું કે અમારી ફરજ છે કે અમે તેમને યાદ અપાવીએ કે ૨૦૦૯ થી ૨૦૧૪ વચ્ચે ઘણા કૌભાંડો થયા હતા.

# સ્વામીપ્રસાદ અને પુત્રી સંઘમિત્રા સામે ધરપકડનો વોરંટ જારી

## પુત્રીના લગ્નમાં છેતરપિંડીનો મામલો

લખનૌ,

સ્વામી પ્રસાદ મૌર્યની પુત્રી અને સાંસદ સંઘમિત્રાની કોર્ટે છૂટાછેડા લીધા વિના છેતરપિંડીથી બીજી વખત લગ્ન કરવાના આરોપી અને સ્વામી પ્રસાદ મૌર્ય, નીરજ તિવારી, સૂર્યપ્રકાશ શુક્લા ઉર્ફે ચિન્ટુ અને હૃતિક સિંહ પર હુમલો, દુર્વ્યવહાર, જીવને ધમકી આપવાના આરોપો અને સ્વામી પ્રસાદ મૌર્યને ચુકાદો આપ્યો હતો. વાદી સાથે કાવતરું.કોર્ટે તમામ આરોપીઓ સામે કોર્ટમાં હાજર ન થવા બદલ ધરપકડ વોરંટ જારી કર્યું છે. એમપીએમએલએ કોર્ટના સ્પેશિયલ એસીજેએમ અંબરીશ શ્રીવાસ્તવે કેસની આગામી સુનાવણી ૧૬ એપ્રિલની તારીખ નક્કી કરી છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે આરોપીઓ કોર્ટમાં હાજર થવાનું ટાળી રહ્યા છે, તેથી તેમની સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે ફરિયાદમાં આરોપ છે કે ફરિયાદી અને સંઘમિત્રા વર્ષ ૨૦૧૬થી લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે સંઘમિત્રા અને તેના પિતા સ્વામી પ્રસાદ મૌર્યએ ફરિયાદીને કહ્યું હતું કે સંઘમિત્રાના તેના અગાઉના લગ્નથી છૂટાછેડા થયા હતા, તેથી ફરિયાદીએ ૩ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સંઘમિત્રા સાથે તેના ઘરે લગ્ન કર્યા હતા.

# વોલ સ્ટ્રીટ જર્નલના સર્વેમાં ૭માંથી ૬ ચૂંટણી મેદાનમાં ડોનાલ્ડ ટ્રમ્પ આગળ

વોશિંગ્ટન,

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા જો બિડેનને મોટો ઝટકો લાગ્યો છે. વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા હાથ ધરવામાં આવેલા ચૂંટણી સર્વેક્ષણમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૭ માંથી ૬ રાજ્યોમાં આગળ છે. આના કારણે બિડેને હોશ ગુમાવી દીધા છે. વોલ સ્ટ્રીટ જર્નલના મતદાનમાં જાણવા મળ્યું છે કે મતદારો રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાથી વ્યાપકપણે અસંતુષ્ટ છે અને બિડેનની ક્ષમતાઓ અને નોકરીની કામગીરી અંગે ઊંડેથી શંકાસ્પદ છે. તમને જણાવી દઈએ કે અમેરિકામાં



આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. તે પહેલા આ લેટેસ્ટ ઓપિનિયન પોલ છે. આ મુજબ રાષ્ટ્રપતિ જો બિડેન સાતમાંથી ૬ મેદાનમાં તેમના મુખ્ય પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પથી પાછળ છે.

જે છ રાજ્યોમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પ આગળ છે તેમાં પેન્સિલવેનિયા, મિશિગન, એરિઝોના, જ્યોર્જિયા, નેવાડા અને નોર્થ કેરોલિના છે. આ રાજ્યોમાં ટ્રમ્પ બિડેન કરતાં બેથી આઠ ટકા પોઈન્ટ્સ આગળ છે. જો કે, વિસ્કોન્સિન રાજ્યમાં, રાષ્ટ્રપતિ બિડેન ટ્રમ્પ કરતાં ત્રણ પોઈન્ટથી આગળ છે.

# લોકો ઈચ્છે છે કે હું અમેઠીમાંથી લોકસભા ચૂંટણી લડું- રોબર્ટ વાડ્રા

નવીદિલ્હી,

કોંગ્રેસ અખિલેશ યાદવ સાથે ઉત્તર પ્રદેશની ૮૦ લોકસભા સીટો પર લોકસભા ચૂંટણી લડી રહી છે. કોંગ્રેસને અમેઠી અને રાયબરેલી સહિત ૧૭ બેઠકો મળી છે. જો કે, કોંગ્રેસે હજુ સુધી અમેઠી અને રાયબરેલી બેઠકો માટે તેના ઉમેદવારોની જાહેરાત કરી નથી. આ બંને બેઠકો પર શંકા છે. આ બંને બેઠકો મહત્વની છે કારણ કે આ બેઠકો હંમેશા ગાંધી પરિવારનો ગઢ રહી છે. જોકે, ૨૦૧૯માં રાહુલ ગાંધી અમેઠી સીટ હારી ગયા હતા. એવા સંકેત છે કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના પતિ રોબર્ટ વાડ્રાને ત્યાંથી મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. તેમણે પોતે આ અંગે સંકેત આપ્યો છે. રોબર્ટ વાડ્રાએ કહ્યું કે અમેઠીના લોકો ઈચ્છે છે કે હું ત્યાંથી લોકસભા ચૂંટણી લડું.

તેમણે કહ્યું, "અમેઠીના લોકો ઈચ્છે છે કે જો હું રાજકારણમાં પહેલું પગલું ભરું અને સાંસદ બનવાનું વિચારીશ તો હું અમેઠીને મારો મતવિસ્તાર બનાવું." તેમણે કહ્યું કે વર્ષ ૧૯૯૯માં મેં પ્રિયંકા ગાંધી સાથે અમેઠીમાં પ્રચાર પણ કર્યો હતો. વાડ્રાએ અમેઠીમાં સ્મૃતિ ઈરાની પર પણ નિશાન સાધતા કહ્યું કે અમેઠીના લોકોને લાગે છે કે ૨૦૧૯માં તેમણે ભૂલ કરી છે.

# શ્રીલંકાએ કાચાથીવુ ટાપુ પરના ભારતના દાવાને નકારી કાઢ્યો

બીજીંગ,

કચથીવુ ટાપુને લઈને ભારતમાં સતત રેટરિક ચાલુ છે. હવે આ અંગે શ્રીલંકાનું નિવેદન સામે આવ્યું છે. શ્રીલંકાના મત્સ્યોદ્યોગ મંત્રી ડગ્લાસ દેવાનંદે કહ્યું છે કે કાચાથીવુ ટાપુ પરત લેવા અંગેના ભારતના નિવેદનોનો કોઈ આધાર નથી. આમ કહીને શ્રીલંકાના મંત્રીએ કાચાથીવુ ટાપુ પર ભારતના દાવાને ફગાવી દીધા.

શ્રીલંકાના મંત્રીનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે પીએમ મોદી અને ભારતમાં તેમની સરકાર કોંગ્રેસ પાર્ટી અને ડીએમકે પાર્ટી પર કાચાથીવુ ટાપુને લઈને રાષ્ટ્રીય હિતોની અવગણના કરવાનો આરોપ લગાવી રહી છે. ભાજપ સરકારનો આરોપ છે કે કોંગ્રેસ અને ડીએમકેએ કાચાથીવુ ટાપુની



આસપાસ માછીમારોના હિતોની અવગણના કરી. હવે આના પર શ્રીલંકાના મંત્રી ડગ્લાસ દેવાનંદે કહ્યું છે કે ભારતમાં ચૂંટણીનો સમય છે અને કાચાથીવુ ટાપુને લઈને આવી વાતો સાંભળવી અસામાન્ય નથી.

દેવાનંદે કહ્યું કે મને લાગે છે કે ભારત તેના હિત માટે કામ કરી રહ્યું છે અને તે જગ્યાએ ભારતીય માછીમારોને માછલી પકડવાની મંજૂરી આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# દિલ્હીમાં દારૂનું કૌભાંડ કરનાર કલંક છે અને તે બધા કલંકની ગાથા લખી રહ્યા છે : ભાજપનો વળતો પ્રહાર

નવીદિલ્હી,

સંજયસિંહના આરોપોનો જવાબ આપતા દિલ્હી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ કહ્યું કે સંજય સિંહે જણાવવું જોઈએ કે તેમણે રેસ્ટોરન્ટના માલિક સાથે રાત્રે ૧ થી ૩ દરમિયાન મીટિંગ કરી હતી કે નહીં. જો દારૂની નીતિ સારી હતી તો શા માટે બદલાઈ? સચદેવાએ કહ્યું કે જોરથી બૂમો પાડીને અસત્યને સત્યમાં ફેરવી શકાય નહીં. સીએમ કોણ બનશે તે અંગે મૂંઝવણ છે.

સંજય સિંહના આરોપોનો જવાબ આપતા ભાજપના નેતાએ કહ્યું કે જોરથી બૂમો પાડીને અસત્યને સત્યમાં ફેરવી શકાય નહીં. સચદેવાએ કહ્યું કે દિલ્હીમાં દારૂનું કૌભાંડ કરનાર અરવિંદ કેજરીવાલ એક કલંક છે અને તે બધા કલંકની ગાથા લખી રહ્યા છે. દાવાઓના નામે તેઓ માત્ર જુઠ્ઠાણા, અપ્રમાણિકતા અને યુક્તિઓનો આશરો લે છે. દિલ્હીના ટેક્સના પૈસા લૂંટીને મહેલ બનાવનાર કેજરીવાલના મહેલમાં જનતાને પ્રવેશ નથી. પરંતુ સંજયસિંહ જતા હતાં.

બીજેપી સાંસદ મનોજ તિવારીએ કહ્યું કે આજકાલ દિલ્હીના લોકો એક જ સવાલ પૂછે છે. અરવિંદ કેજરીવાલ, તમારે શાળા ખોલવી હતી, પરંતુ તમે દિલ્હીમાં બાર ખોલવા લાગ્યા. તમે એ મહિલાઓની પીડા સમજો છો, જ્યારે એક મહિલા ૪૫-૫૦ વર્ષની થાય છે અને અપેક્ષા રાખે છે કે બાળક આપણો સહારો બનશે.

પરંતુ જો તે જ બાળક નશામાં અને ક્યાંક

# અલીબાગનું નામ બદલીને મયંકનગરી કરો : વિધાનસભાના અધ્યક્ષની સરકારને અપીલ

મુંબઈ,

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે રાજ્ય સરકારને અલીબાગનું નામ બદલીને 'મયનાકનગરી' કરવાની અપીલ કરી છે. મુંબઈ નજીક સ્થિત દરિયાકાંઠાનું શહેર અલીબાગ એક પ્રવાસન વિસ્તાર છે. હકીકતમાં, ઓલ ઈન્ડિયા ભંડારી એસોસિએશનનું એક પ્રતિનિધિમંડળ તાજેતરમાં નાર્વેકરને મળ્યું હતું અને નામ બદલવાની વિનંતી કરી હતી. વિધાનસભા અધ્યક્ષે ગુરુવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પત્ર લખીને કહ્યું હતું કે મરાઠા યોદ્ધા શિવાજીના શાસન દરમિયાન, દરિયાકાંઠાની સુરક્ષા અને દરિયાકાંઠાના યુદ્ધની કામગીરી વિદેશી આક્રમણકારોને રોકવા માટે મહત્વપૂર્ણ હતી.



નાર્વેકરે તેમના પત્રમાં કહ્યું, "શિવાજી મહારાજે એક મજબૂત નૌકાદળનો પાયો નાખ્યો અને કોંકણમાંથી મયનાક ભંડારીએ તેનું નેતૃત્વ કર્યું. ખડતલ લડાઈ અને મયનાક ભંડારીની બહાદુરીના કારણે અંગ્રેજોએ અલીબાગના ખંડેરી-ઉંદેરી બંદરના કિલ્લામાંથી પીછેહઠ કરવી પડી હતી.

# ઈડીએ તેની શક્તિનો દુરુપયોગ કર્યો સુપ્રીમકોર્ટના પૂર્વ જજે સવાલ ઊઠાવ્યાં

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. હાલ તે તિહાર જેલમાં બંધ છે. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ મદન બી લોકુરે ઈડીની કાર્યવાહી પર અનેક સવાલો ઉઠાવ્યા છે.

સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ મદન બી લોકુરે કહ્યું કે ઈડીએ તેની સત્તાનો દુરુપયોગ કર્યો છે. આ કેસ ૨૦૨૦માં શરૂ થયો હતો. આ કેસને દોઢ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. મનીષ સિસોદિયા આટલા લાંબા સમયથી જેલમાં છે. પૂર્વ જસ્ટિસ લોકુરે પૂછ્યું કે એવી કઈ બાબત છે જે ઈડીને આ કેસનો ઉકેલ લાવવાથી રોકી રહી છે.

જસ્ટિસ મદન બી લોકુરે ઈડીને ઘેરતાં ધારદાર સવાલો પૂછ્યાં હતાં. તેમણે કહ્યું કે જો ઈડી કહે છે કે તેની પાસે આ કેસમાં તમામ પુરાવા છે તો તે ચાર્જશીટ દાખલ કરવામાં કેમ વિલંબ કરી રહી છે. અરવિંદ કેજરીવાલની કયા આધારે ધરપકડ કરવામાં આવી? સવાલોનો મારો ચલાવ્યાં બાદ પૂર્વ જસ્ટિસ લોકુરે દિલ્હી લીકર પોલિસી કૌભાંડમાં આરોપીઓને જામીન આપવાની હિમાયત કરી હતી.

# પ.એશિયામાં યુદ્ધ અને હુમલાના કારણે વધેલા તણાવથી ભારત દુ:ખી છે : વિદેશ મંત્રાલય

**વિદેશ મંત્રાલયે કહ્યું, અમે તમામ પક્ષોને એવી ક્રિયાઓથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ જે આંતરરાષ્ટ્રીય કાયદા સાથે અસંગત હોય**

નવીદિલ્હી,

પશ્ચિમ એશિયામાં સતત યુદ્ધ અને હુમલાની સ્થિતિએ ભારતને ચિંતિત કરી દીધું છે. ભારતે ગુરુવારે સીરિયાની રાજધાની દમાસ્કસમાં ઈરાનના રાજદ્વારી પરિસરમાં ત્રણ દિવસ પહેલા થયેલા ઘાતક હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે તે પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવથી વ્યથિત છે. ઉલ્લેખનીય છે કે ઈરાને ૧ એપ્રિલે થયેલા હુમલા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું અને કહ્યું હતું કે તેનો બદલો લેવામાં આવશે.

ઈરાની મીડિયા અનુસાર આ હુમલામાં બે જનરલ સહિત રિવોલ્યુશનરી ગાર્ડના સાત જવાન માર્યા ગયા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે ૧ એપ્રિલે સીરિયામાં ઈરાની રાજદ્વારી પરિસર પર થયેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે." ભારત પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને વધુ હિંસા અને અસ્થિરતાને વેગ આપવાની તેની સંભાવના અંગે ચિંતિત છે. "અમે તમામ પક્ષોને એવી ક્રિયાઓથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ જે સામાન્ય રીતે સ્વીકૃત સિદ્ધાંતો અને આંતરરાષ્ટ્રીય કાયદા સાથે અસંગત હોય," તેમણે કહ્યું. " જયસ્વાલની ટિપ્પણી હુમલા સંબંધિત એક પ્રશ્નના જવાબમાં આવી છે.

## ડે. સીએમ બ્રિજેશ પાઠકે ઓમ પ્રકાશ રાજભરના પુત્રને ઘૂંટણિયે પાડીને માફી મંગાવી

લખનૌ,

ઉત્તરપ્રદેશના ઘોસીથી લોકસભા ચૂંટણીના ઉમેદવાર અને ઓમ પ્રકાશ રાજભરના પુત્ર અરવિંદ રાજભરનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે.ઉત્તરપ્રદેશના ડેપ્યુટી સીએમ અને બીજેપી નેતા બ્રિજેશ પાઠકે અરવિંદ રાજભરને બીજેપી કાર્યકર્તાઓ સામે ઝૂકીને આશીર્વાદ લેવા કહ્યું. અરવિંદ રાજભર એનડીએના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

વાસ્તવમાં ઓમપ્રકાશ રાજભરે ચૂંટણી દરમિયાન ભાજપના નેતાઓ સાથે દુર્વ્યવહાર કર્યો હતો. જેના કારણે ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં રોષ જોવા મળ્યો હતો. આવી સ્થિતિમાં ડેપ્યુટી સીએમએ રાજભરના પુત્ર અરવિંદને ભાજપના નારાજ અને નારાજ જૂના કાર્યકર્તાઓની સામે માફી માંગવા માટે બનાવ્યા. તમને જણાવી દઈએ કે નારાજ ભાજપના કાર્યકરોને શાંત કરવા માટે ડેપ્યુટી સીએમ પહોંચ્યા હતા. ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠકે અરવિંદ રાજભરની માફી માંગ્યા બાદ સપાના રાષ્ટ્રીય મહાસચિવ અને લોકસભાના ઉમેદવાર રાજીવ રાયનું નિવેદન સામે આવ્યું છે.

# પહેલા સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પર વીજળી પડી અને પછી ન્યુયોર્કમાં ધરતીકંપ !

## અમેરિકન નેટિઝન્સે બંને ઘટનાને સાંકળી ચિંતા વ્યક્ત કરી

નવીદિલ્હી,

ન્યૂયોર્ક સિટી બે દિવસમાં બે કુદરતી દુર્ઘટનાનું શિકાર બન્યું છે. ૪ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ, ભારે વાવાઝોડા દરમિયાન સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પર વીજળી ત્રાટકી હતી. અને તેના બીજા દિવસે શહેર ૪.૮ ની તીવ્રતાના ભૂકંપથી હચમચી ગયું હતું, જે છેલ્લા ૪૦ વર્ષમાં આ વિસ્તારમાં આવેલો સૌથી મોટો ભૂકંપ હતો.

ઉપરઉપરી ઘટેલી આ બે ઘટનાએ સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે. ઘણા લોકોએ આને કુદરતી ઘટના કહે છે, તો ઘણા લોકો તેને એક અસામાન્ય ઘટના કહે છે, અને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું છે કે, "શું હું એકમાત્ર વ્યક્તિ છું જે વિચારે છે કે સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પર ગઈકાલે વીજળીથી ત્રાટકી હતી અને આજે ન્યુ યોર્કમાં ભૂકંપ આવ્યો હતો?" તો અન્ય એક યુઝરે લખ્યું. શુક્રવારની સવારે, ન્યુ જર્સીના લેબનોન નજીક કેન્દ્રમાં આવેલો ધરતીકંપ સમગ્ર ન્યૂયોર્ક મેટ્રોપોલિટન વિસ્તાર અને તેની બહાર અનુભવાયો હતો, જેમાં નોંધપાત્ર નુકસાનના તાત્કાલિક અહેવાલો નથી. પરંતુ સ્ટેચ્યુ ઓફ લિબર્ટી પર વીજળી પડી તેના એક દિવસ બાદ ન્યૂયોર્કમાં ભૂકંપ આવ્યો.




LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૦૬-૦૪-૨૦૨૪, શનિવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




# સમજુતી મુજબ અમલ નહીં થતા કમિશનર ફરી મેદાને, ૨૦થી વધુ લારીઓ જપ્ત

**બે દિવસ પૂર્વે યુનિયનને સાથે રહી નીતિ-નિયમ મુજબ પાથરણાવાળા અને લારીવાળાઓ વેપાર ધંધો કરશે તેવી આપેલી બાહેંધરી ફોક થતાં ફરીથી તંત્ર મેદાને**





તસવીર : મૌલીક સોની

ભાવનગર, તા.૬

શહેરના ઘોઘાગેટ, હેવમોર ચોક, શાકમાર્કેટ સહિતના વિસ્તારોમાં લારી, પાથરણાઓ સામે ત્રણ દિવસ પૂર્વે કમિશનરે કડક કાર્યવાહી કરી અને ૧૦૦થી વધુ લારીઓ મલ્ટીલેવલ પાર્કિંગમાં હતી ત્યાં જ સીઝ કરાવી હતી જેના પગલે બે દિવસ સુધી નાના ધંધાર્થીઓ રોજગારી વગર રહ્યા હતાં. સામા પક્ષે કમિશનરે ૨૦૦-૨૫૦ લોકો માટે થઇને ભાવનગરની સમગ્ર જનતા હાડમારી વેઠે તે નહીં ચલાવી લેવાય તેમ રોકડું પરખાવ્યું હતું. આથી યુનિયને દરમિયાનગીરી કરી નીતિ-નિયમ મુજબ અને રાહદારીઓને નડતરરૂપ ન બને તે રીતે પાથરણાવાળાઓ લારી ધારકોને વેપાર ધંધો કરવા દેવા છુટ આપવા તંત્રને રજૂઆત કરી હતી જે મુજબ તંત્રએ મંજૂરી પણ આપી હતી પરંતુ આજે ત્રીજા જ દિવસો વચન નહીં પાળતા કમિશનર આજે બપોરે ફરીથી મેદાનો આવ્યા હતા અને શાકમાર્કેટમાંથી ૨૦થી વધુ લારીઓ જપ્ત કરાવી હતી.

કમિશનર આજે બપોરે એલઆઈસી કચેરી બાજુથી શાકમાર્કેટમાં એન્ટ્રી કરી લોઢાવાળા હોસ્પિટલ અને નાગરિક બેંક પાસો લોકોને અડચણરૂપ બને તે રીતે લારીઓ રાખી વેપાર-ધંધો થતો હોય તેને જપ્ત કરવા સુચના આપી હતી. પાથરણાવાળાઓ પણ સમય મર્યાદા બાદ વેપાર કરતા નજરે ચડ્યા હતાં આથી તંત્રની ઝપટે ચડ્યા હતાં. લગભગ ૨૦થી વધુ લારીઓ તેમજ માલ-સામાન જપ્ત લેવાયો હતો. અહીંથી કમિશનર સાથેનો કાફલો હોલસેલ ફ્રુટ માર્કેટમાં પ્રવેશ્યો હતો. ફ્રુટ માર્કેટમાં વેપારીઓ દ્વારા જાહેર રોડ પર ફ્રુટનો ઢગલો કરી વેપાર થતો હતો આથી તમામ પાસેથી પેનલ્ટી લેવા કમિશનરે સુચના આપી હતી. કમિશનર મેદાને ઉતરતા આજે ફરીથી શાકમાર્કેટ અને ફ્રુટ માર્કેટમાં સંબંધિતોમાં દોડધામ મચી હતી.

# મહિલા દર્દીનું બ્રેઈનડેડ થતા તેમના અંગોના દાનનો સતુત્ય નિર્ણય, ગ્રીન કોરીડોર રચી અંગો અમદાવાદ પહોંચાડાયા

**મકવાણા પરિવારના નિર્ણયથી ત્રણ દર્દીઓને મળશે જીવતદાન**





તસવીર : મૌલીક સોની

ભાવનગર શહેરના આરોગ્ય હોસ્પિટલ રંજનબેન અશોકભાઈ મકવાણાને બ્લડપ્રેશરના કારણે મગજમાં તકલીફ થઈ હતી, જેને લઈ તેને સારવાર માટે સર ટી. હોસ્પિટલની સામે આવેલ આરોગ્યમ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજે મહિલાને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા. જેને પરિવારજનોને ભાવનગરના ડો.કાબરીયા દ્વારા અંગોના દાન અંગે સમજ આપતા તેમના પરિવારજનોએ તેમના અંગોનો દાન માટેની સહમતી આપી હતી, જેને લઈ તેમનું લીવર અને બંને કિડનીઓનો ડોનેશન લઈ ભાવનગર પોલીસના સહયોગથી ગ્રીન કોરિડર કરી અંગોને અમદાવાદ લઈ જવામાં આવ્યા. મહિલા દર્દીના અંગોના દાનથી ત્રણ દર્દીને નવજીવન મળશે તેમ ડો.કાબરીયાએ એક વાતચિતમાં જણાવ્યુ હતું.

# સૌની યોજનાનો લાભ નહીં મળતા ભાવનગરમાં પાણીની માંગને પહોંચી વળવા મહિપરીએજમાંથી વધુ જથ્થો મેળવાશે

**બોરતળાવ અને શેત્રુંજી ડેમમાં સૌની યોજનાનું સફળ ટેસ્ટિંગ બાદ પાણી ઠાલવવાની યોજના કોરાણે મુકાઈ**

ભાવનગર,તા.૬

ભાવનગરમાં ઉનાળાના કપરા દિવસો શરૂ થતા જ પાણીની માંગ વધી છે બીજી બાજુ શેત્રુંજી ડેમની સપાટી નીચી જતા હવે મહીપરીએજ યોજનામાંથી લેવાતા પાણીનાં જથ્થો વધારવા પ્રક્રિયા હાથ ધરાનાર છે. જોકે, બોરતળાવ હાથ વગુ હથિયાર છે પરંતુ સૌની યોજના તળે તેને ભરવામાં આવતું નથી તે પણ હકીકત છે, અગાઉ સફળતા પૂર્વક ટેસ્ટિંગ થઈ ગયા બાદ ક્યારેય નર્મદાનું પાણી બોરતળાવમાં ઠાલવાયું નથી.!

ભાવનગરમાં પાણીની વધેલી જરૂરિયાતને પહોંચી વળવા મહી પરીએજમાંથી મેળવતા નિયમિત પાણીમાં ૧૦% નો વધારો કરવામાં આવ્યો છે છતાં હજુ આગામી દિવસોની પરિસ્થિતિનો તાગ મેળવી 90 MLD સુધી મહિ પરીએજમાંથી પાણી મેળવવા એગ્રીમેન્ટ કરવા કોર્પોરેશન દ્વારા પ્રક્રિયા હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

હાલ ઉનાળાના દિવસોમાં પાણીની જરૂરિયાત વધતા ૧૭૭ એમ.એલ.ડી. ની જરૂરિયાત સામે ૧૭૦ એમએલડી પાણી મળી રહ્યું છે. જેથી હજુ પણ ૭ થી ૮ એમ.એલ.ડી. પાણીની ઘટ પડી રહી છે. તેમાં પણ સમયાંતરે કોઈને કોઈ ખોટકો સર્જાતા પાણીની અનિયમિતતા રહે છે. કોર્પોરેશન દ્વારા મહી પરીએજમાંથી વધુ પાણી મેળવવા પ્રયાસ શરૂ છે. ઉનાળાના દિવસો જેમ જેમ તપતા જશે તેમ તેમ પાણીની જરૂરિયાત વધતી જશે જેની સામે બોરતળાવ સહિતના પાણીના સ્રોતની ક્ષમતામાં ઘટાડો થશે, બોરતળાવને સૌની યોજના તળે આવરી લેવાયું છે

અનુસંધાન ૬

# આયોજક બાદ હવે બેનર્સ દ્વારા જાહેરાત કરનાર વેપારીઓને પણ દંડ ફટકારાયો

**રૂપાણી સર્કલમાં યોજાયેલ નગર ધૂળેટી મહોત્સવના આયોજક ઉપરાંત બેનર્સ મુકી જાહેરાત કરનાર વેપારીઓ પણ કોર્પોરેશનની ઝપટે ચડ્યા**

ભાવનગર, તા.૬

શહેરના રૂપાણી સર્કલમાં પ્રતિવર્ષ સ્વયંભુ રંગોત્સવ જામે છે. આ વર્ષે નગર ધૂળેટી મહોત્સવ નામે ઈવેન્ટ યોજવામાં આવી હતી. જેના આયોજકોએ રંગ મહોત્સવ બાદ યોગ્ય સફાઈ નહીં કર્યાના મામલે કોર્પોરેશનના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે રૂા.૧.૫૦ લાખ દંડ ફટકાર્યો છે. જે મામલો હજુ ઉભો છે ત્યાં આયોજકોએ કોમર્શિયલ એકમોને વ્યવસાયિક હેતુ માટે મંજૂરી વગર લગાડેલા ૭૦ જેટલા બેનરનો પણ ૧૪ એજન્સી, સંસ્થા, દુકાનોને કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે દંડ ફટકાર્યો છે.

આયોજકો દ્વારા રૂપાણી, આતાભાઈ ચોક સહિતના વિસ્તારોમાં કોર્પોરેશન પાસેથી ત્રણ સ્ટેજ બનાવવાની જ મંજૂરી લેવામાં આવી હતી. પરંતુ આર્થિક ઉપાજનના હેતુ માટે હોય તેમ રસ્તાની સાઈડમાં જુદી જુદી એજન્સીઓ, પ્રોડક્ટ, ફરસાણ, ખાણીપીણીની એજન્સીઓ, દુકાનો સહિત ૧૪ જુદી જુદી વ્યવસાયિક ક્ષેત્રના ૭૦ જેટલા બેનર મુકવામાં આવ્યા હતા. તેની કોર્પોરેશનમાંથી મંજૂરી મેળવવામાં આવી ન હતી. જેથી ગેરકાયદેસર રીતે લગાવેલા બેનર બદલ તમામ કોમર્શિયલ એકમોને નિયમ મુજબનો દંડ ફટકારાયો છે. વગર મંજૂરીએ બેનર લગાવવા બદલ જય ગોપાલ ફરસાણ હાઉસ, રોલી પોલી, એનજોય ટેટુ સ્ટુડિયો, મોબાઈલ માર્ટ, ફીટફ્લેક્ષ ફિટનેસ, શિવ શક્તિ એન્ટરપ્રાઈઝ, ગ્રામવિહાર પાર્ટી પ્લોટ, છતામલ બસામલ ફરસાણ, મેક માય ટ્રીપ, બિગ સાઈઝ કલેક્શન, મેહુલ ટી - ચર્ટવાલા, ગોપાલ કેક એન્ડ બેકરી, ધ ચેક મેકર અને અનમોલ નમકીનના મંજૂરી વગરના બેનરો લાગતા તમામને એસ્ટેટ વિભાગ દ્વારા દંડ ભરાઈ કરવા નોટિસ આપી છે જેથી આ વિવાદમાં વધુ ગરમાવો આવ્યો છે.

**૨૨ વર્ષ પુર્વેના કેસમાં જેસર કોર્ટના જ્યુડીશયલ મેજીસ્ટ્રેટનો ચુકાદો**

# આર્મ્સ એક્ટના ગુનામાં બે શખ્સને ત્રણ વર્ષની કેદ

**જેસર કોર્ટે બે વર્ષ પહેલાના આર્મ્સ એક્ટના કેસમા ફટકારી સજા**

ભાવનગર,તા.૬

ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના દેપલા ગામની સીમમાંથી ૨૨ વર્ષ પહેલા જેસર પોલીસે એક શખ્સને દેશી બનાવટની બંદુક સાથે ઝડપી પાડ્યો હતો. જ્યારે એક શખ્સ નાસી છુટયો હતો. જે મામલે ગુનો નોંધાયો હતો જે કેસ જેસર કોર્ટના જ્યુડીશયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલી જતા જજે બે શખ્સોને કસુરવાર ઠરાવી ત્રણ વર્ષ જેલની સજા ફરમાવી હતી.

આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર જેસર પોલીસ સ્ટાફે ગત તા.૧૯.૦૮.૨૨ના રોજ દેપલા ગામની સીમમાંથી હનીફ ઉર્ફે સલીમ મામદ ઉર્ફે ઈબ્રાહીમ ડફેર (રે. રાણીગામ, તા. જેસર, મુળ ગામ, જંગી તા. ભચાઉ. જિ. કચ્છને તેના ગેરકાયદે કબજામાં રહેલી દેશી બનાવટની બે જામગરી બંદુક, તથા બંદુક બનાવવાના સાધનો સાથે ઝડપી પાડયો હતો. જયારે પોલીસ રેડ દરમીયાન જે તે સમયે દિલાવર ઉર્ફે દીલો જુસુફ ડફેર (રે. વંથલી જી. જુનાગઢ)નાસી છુટયો હતો. આ બનાવના અનુસંધાને જેસર પોલીસે બન્ને શખ્સ સામે આર્મસ એક્ટ ૨૫(૧)એબી તળે ગુનો દાખલ કર્યો હતો.

આ અંગેનો કેસ જેસર કોર્ટના જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ આર.વાય.ઢીવરેની અદાલતમાં ચાલી જતા લેખીત, મૌખીક પુરાવા અને એ.પીપી પી.જે. મહેશ્વરીની દલીલોને ગ્રાહ્ય રાખી હનીફ ઉર્ફે સલીમ મામદ ઉર્ફે ઈબ્રાહીમ ડફેર અને દિનેશ ઉર્ફે દિનીયો ઉર્ફે દીનમહમદ જુસુફ ડફેરને ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮(૨) અન્વયે આર્મ્સ એક્ટની કલમ ૨૫(૧)બી,એ મુજબના ગુનામાં કસુરવાર ઠરાવી ત્રણ વર્ષ સખત કેદની સજા અને બન્ને આરોપીને પાંચ હજાર દંડનો હુકમ કર્યો હતો.

# હાદાનગરનો માથાભારે શખ્સ મોબાઈલ ફોન ઝુટવી ફરાર

**સ્થાનિકોએ હજુ બે દિવસ પૂર્વે જ આ શખ્સના ત્રાસ અંગે એસ.પી.ને આવેદન આપ્યું હતું ત્યાં ફરી લખણ ઝળકાવ્યા**

ભાવનગર, તા.૬

શહેરના હાદાનગર વિસ્તારમાં આવેલી ત્રણ સોસાયટીના રહીશોએ તેમના વિસ્તારમાં રહેતા અજય ડાભી સહિત ત્રણ માથાભારે શખ્સ સામે કાર્યવાહી કરવા માટે હાલમાં જ આવેદન પત્ર આપ્યું હતું. તો બુધવારે બે શખ્સ સામે બોરતળાવ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. જ્યારે ગઈ કાલે ગુરુવારે મોબાઈલ ઝુટવી લઈ ફરાર થવાનો વધુ એક બનાવ બનતા આ વિસ્તારમાં ભયનો માહોલ ઊભો થયો છે.

ગુરુવારે અરમાન મહેતન નામનો કિશોર તેના ઘર પાસે મોબાઈલ લઈને ઓટલા પર બેઠો હતો ત્યારે માથાભારે શખ્સ અજય ડાભી તેના ઈલેક્ટ્રીક વ્હીકલ પર આવ્યો હતો અને તેણે અરમાનના હાથમાંથી મોબાઈલ ફોન ઝુટવી લીધો હતો. અને ફોન ઝુટવી અજય ફરાર થઈ જતા અરમાને બુમાબુમ કરી હતી એટલે મહંમદહુસેન સૈયદે આ શખ્સને અટકાવવાનો પ્રયાસ કરતા અજય ડાભીએ તેને પણ ધક્કો મારી પછાડી દીધો હતો. આ બનાવ અંગે અરમાને બોરતળાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે હાદાનગરના અજય વિરુદ્ધ આઈપીસી ૩૭૯એ(૩), ૩૨૩ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસને અમારી બાતમી કેમ આપો છો? કહી યુવક પર ત્રણ શખ્સોએ માર માર્યો

**સેંદરડા ગામના ઘરે સુતેલા યુવકને બાઈક પર ઉઠાવી માર માર્યાની સોનગઢ પો.સ્ટે.માં ફરિયાદ**

ભાવનગર, તા.૬

સિહોર તાલુકાના સેંદરડા ગામમાં ઘરે સઈ રહેલા યુવકને તારુ કામ છે તેમ જણાવી બે શખ્સ રોડ પર લઈ ગયા બાદ ત્રણ શખ્સોએ તુ કેમ પોલીસને બાતમી આપે છે ? તેમ કહી લાકડી વડે માર મારતાં સોનગઠ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સિહોર તાલુકાના સેંદરડા વિરેન્દ્ર હિંમતભાઈ ચૌહાણએ નોંધાવેલી પોલીસ ફરિયાદમાં આરોપી તરીકે પૃથ્વીરાજસિંહ વજુભાઈ ગોહીલ, ભોલુભા ઘેલુભાઈ ગોહીલ (રહે.બજુડ, તા.ઉમરાળા) અને ડેગભા રાયજાદાના નામ જણાવ્યા હતા ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગુરુવારે રાત્રે ફરિયાદી તેના ઘરના વાડામાં સુતો હતો તે સમયે પૃત્વીરાજસિંહ અને બોલુભાઈ બાઈક લઈને આવ્યા હતા અને વિરેન્દ્રને તારુ કામ છે તેમ કહી બાઈક પર બેસાડી રોડ પર લઈ ગયા હતા.

રોડ પર અગાઉથી જ ડેગભાઈ રાયજાદા ઉભેલા હતા અને ત્યાર બાદ તમામ આરોપીઓએ તુ પોલીસનો બાતમીદાર છે અને અમારી બાતમી તુ કેમ પોલીસને આપે છે ? તેમ જણાવતા ફરિયાદીએ તેણે કોઈ બાતમી આપી નથી તેમ કહી ગાળો આપવાની ના કહેતા ત્રણે શખ્સે લાકડી વડે યુવક પર તુટી પડ્યા હતા. અને મારમાર્યો હતો. આ દરમિયાન દેકારો અને બૂમાબૂમ થતાં ગામના લોકો તેમજ ફરિયાદીના સગા દોડી આવતા તેનો બચાવ થયો હતો. બાદમા આરોપીઓએ આજે તુ બચી ગયો પરંતુ હવે તને જીવતો નથી રહેવા દેવાનો તેવી ધમકી આપી નાસી છુટ્યા હતા સોનગઢ પોલીસે આ બનાવ અંગે ત્રણ આરોપી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઘરફોડ ચોરીનો ફરાર સગીર આરોપી ઝબ્બે

ભાવનગર, તા.૬

ભાવનગર,પેરોલ ફર્લો સ્કવોડનાં માણસો ભાવનગર શહેર વિસ્તારમાં નાસતા-ફરતાં આરોપીને પકડવાની ડ્રાઈવ સબબ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ભાવનગર, શિવાજી સર્કલમાં આવતાં માહિતી મળેલ કે, ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતાં-ફરતાં ઈસમ શીવાજી સર્કલ પાસે શ્રીજી સોડાની દુકાન પાસે રોડ ઉપર ઉભો છે.જે માહિતી આધારે તપાસ કરતાં નાસતા-ફરતા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર હાજર મળી આવેલ.જેથી તેની માતાની હાજરીમાં ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં આગળની કાર્યવાહી થવા માટે સોંપી આપવામાં આવેલ.

# શેરડીના સિચોડા આરોગ્ય તંત્રની ઝપટમાં, સરકારી હોસ્ટેલના ખાદ્ય પદાર્થના પણ નમૂના લેવાયા

ભાવનગર, તા.૬

ભાવનગરમાં મ્યુ. ફુડ સેલ દ્વારા આજે શહેરના જુદા જુદા વિસ્તારમાંથી શેરડીના રસના ચાર નમુના લેવાયા હતાં જે પરિક્ષણ અર્થે મોકલી અપાશે. જયારે શહેરના વિકટોરીયા પાર્કની સામે આવેલ આંબેડકર બોયઝ હોસ્ટેલમાં સોમવારે ચાર સેમ્પલ લેવાયા હતાં જેમાં એક રાંધેલો ખોરાક તથા ત્રણ નમૂના રો-મટીરીયલના લેવાયેલ. જયારે પુરતી સ્વચ્છતા નહીં જણાતા સોલિડ વેસ્ટ વિભાગને બોલાવી રૂા.૨ હજાર દંડ વસુલાયો હતો. જયારે આજે ફરીથી ત્યાંથી શાક અને ભાતના તેમજ પીવાના પાણીના નમૂના લેવાયા છે. ઉલ્લેખનીય છે કે, હોસ્ટેલમા રહેતા વિદ્યાર્થીઓ દ્વારા જીવાતવાળું ફુડ પીરસાતું હોવાની ફરિયાદો ઉઠી હતી.

